

એક વાર બીજું બધું ભૂલી જા અને આત્માનો અનુભવ કર. આ સમયસારને અનુભવવાનો કાળ છે. નિમિત્ત- વિકાર અને એક સમયની પર્યાયનું પણ લક્ષ છોડીને પર્યાય દ્વારા આત્માને જો.

—પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સંવત-૪ [ ૪૮૬ ] * આત્મધર્મ * [ અંક-૧૦ વર્ષ-૪૦ ] એપ્રિલ ૧૯૮૪

॥ શ્રી વીતરાગાય નમઃ ॥
॥ શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ ॥

# પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી ૯૫ મો જન્મજયંતી-મહોત્સવ

દાદર, તા. ૧૮-૩-૮૪, રવિવાર

સુજ્ઞ મુમુક્ષુ ભાઈશ્રી/બહેનશ્રી

સવિનય નિવેદન કે વીરજિનેન્દ્રનું અધ્યાત્મ-અમૃત મુમુક્ષુસમાજને પાનાર, કુંદકુંદમાર્ગ-પ્રવર્તક, વિદેહિધર્મદૂત આપણા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ **શ્રી કાનજીસ્વામી**ની મંગલમય જન્મજયંતી તેમની પવિત્ર સાધનાભૂમિમાં આનંદોલ્લાસ સહ ઊજવવાની જે ભાવના અમારા હૃદયમાં વર્તતી હતી તેને સાકાર કરવાનો અમે નિર્ણય કર્યો છે.

પૂ. ગુરુદેવશ્રીએ લગભગ પાંચ પાંચ દાયકા જેટલા દીર્ઘ કાળ પર્યંત સુવર્ણપુરી (સોનગઢ) મધ્યે બિરાજી, મહાન પરમાગમોનાં ગૂઢ રહસ્યો ખોલી, મુમુક્ષુઓને સતત સહજ શુદ્ધાત્માની પ્રાપ્તિની પ્રેરણા આપી, એક અધ્યાત્મયુગની રચના કરી; જે કારણે સુવર્ણપુરી (સોનગઢ) આપણા માટે શાશ્વત તીર્થધામ સમાન બની રહ્યું છે. સોનગઢના પ્રત્યેક કણકણમાં જાણે કે અધ્યાત્મસંતની કંઈ કંઈ કેટલીએ સ્મૃતિઓ ભરી પડી છે. ભક્તોએ પૂ ગુરુદેવશ્રીને જ્યાં અધ્યાત્મનીતત્ત્વદેશનાએ ગર્જતા સાંભળ્યા છે ને અધ્યાત્મની મસ્તીએ વિહરતા નિહાળ્યા છે એવા આ તીર્થધામમાં પ્રવેશતાં મુમુક્ષુઓને જાણે કે એ મહાન વિભૂતિ સાક્ષાત વિદ્યમાન હોય એવા ભણકાર આવે છે, ગેબી અવાજ દ્વારા શુદ્ધાત્માના અવલંબનનું માર્ગદર્શન મળતું હોય તેમ લાગે છે. અહીંના વાતાવરણમાં, અંતરમાં શુદ્ધાત્માની ભાવનાની જમાવટ જામતી જાય છે. અહીં સ્વાધ્યાયમંદિરે, પ્રવચનમંડપે કે પરમાગમમંદિરે તેમની અનેકાંત-સુસંગત દ્રવ્યદૃષ્ટિની દેશનાના મધુરા પડઘા હજુ પણ સંભળાય છે. તદુપરાંત જેમનાં નિમિત્તે દિવ્યધ્વનિસમ વાણીનો આવિષ્કાર થયો એવાં, પૂજ્ય ગુરુદેવશ્રીના પરમભક્ત, સ્વાનુભૂતિયુક્ત, પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય **બહેનશ્રી ચંપાબેન**ની મંગળ છાયા હાલ જ્યાં પ્રવર્તમાન છે, તેમનાં દર્શનનો અને 'જ્ઞાયક'થી તરબોળ તેમ જ ગુરુભક્તિથી નીતરતાં સ્વલ્પ છતાં ભવછેદક વચનામૃતોનો લાભ પણ જ્યાં સંભવિત છે એવી આ મહાપવિત્ર ભૂમિનો મહિમા કલ્પનાથી પાર, અવર્ણનીય અને અતિશયપૂર્ણ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં તેમની જયંતી ઊજવવાનું સર્વાધિક સુયોગ્ય સ્થાન તે જ છે. તેથી ભવ્ય જીવોને પાવનકરનાર એવા પરમકૃપાળુ પરમપૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૯૫ મો જન્મજયંતી-મહોત્સવ ભારતભરના મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં, અત્યંત ઉત્સાહપૂર્વક

[ અનુસંધાન માટે જુઓ પેજ નં. ૨૭ ]

કહાન સંવત ૪
વર્ષ ૪૦
અંક ૯
[ ૪૮૬ ]




વીર સંવત ૨૫૧૦
A.D. 1984
APR.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## કહાન ગુરુ પ્રસાદ

* આત્માનો મહિમા આવ્યા વગર પરિણામ આત્મા તરફ ઝૂકે નહિ.

* શેરડી અને બાસુંદી સાથમેં નહીં ખા સકતે હૈં, અંદર ઉતારનેકી ચીજ ઔર બહાર નીકાલનેકી ચીજ એક સાથ નહીં ખા સકતે. ઉસી તરહ વ્યવહાર નીકાલ દેનેકી ચીજ હૈ ઔર નિશ્ચય અંતરમેં ઉતારનેકી ચીજ હૈ.

* અંતરમાં પ્રભુતા પ્રગટે તેની સાથે આત્માને સ્વ-સ્વામી સંબંધ છે પણ પામરતાની સાથે આત્માને સ્વ-સ્વામી સંબંધ નથી.

* સ્ત્રીનો સ્વામી મનુષ્ય હોય તો શોભે પણ (ગાય-ભેંસ આદિ) તિર્યંચનો સ્વામી (પતિ) મનુષ્ય હોય તે તો કલંકરૂપ છે. તેમ શુદ્ધભાવનો સ્વામી ચૈતન્ય હોય તે શોભારૂપ છે પણ વિકલ્પ-વિકારનો સ્વામી ચૈતન્ય થાય તો તે કલંકરૂપ છે, શોભારૂપ નથી. વિષ્ટાને ભૂંડ ખાય, મનુષ્ય નહિ; તેમ વિકારનો ભોક્તા મૂઢ-જડ જેવો થાય, ચૈતન્ય નહિ.

* જેવું જ્ઞાન જેવી ઇચ્છા તેના અનુસાર જ ભાષાનું પરિણમન થાય, છતાં પણ એ બન્નેથી નિરપેક્ષપણે તેના અવલંબન વિના સ્વયં તે કાળની યોગ્યતાથી જ તે પરિણમે છે, નિમિત્તથી નહીં જ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જ તેવો છે એ પછી વાત. પહેલાં તો તેની સ્વતંત્રતાની જ સિદ્ધિ થવી જોઈએ.

* સતના વર્તમાન અંશને જે સ્વતંત્ર નથી માનતો તેને ખરેખર ત્રિકાળી દ્રવ્ય-ગુણની સ્વતંત્રતા પણ બેઠી નથી. —પૂજ્ય ગુરુદેવશ્રી (૧૯૬૨)

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના

હૃદયહૃદથી દ્રવિત

# સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મ-સંબોધન

[સંકલિત]

નિવૃત્તસ્વરૂપ આત્માની ઓળખાણ કરવામાં જ શાંતિ છે, બાકી બધું ધમાલ....ધમાલ...ધમાલ છે.

ચૈતન્યસ્વભાવ નિવૃત્તસ્વરૂપ જ છે. સ્વભાવમાં પ્રવૃત્તિ ને વિભાવથી વ્યાવૃત્તિ તે જ નિવૃત્તિ. પરભાવની પ્રવૃત્તિમાં જોડાવું તે સ્વભાવ નથી, વિભાવ છે, ખેદરૂપ તેમ જ આકુળતારૂપ છે. પોતાનો સ્વભાવ જે સહજ છે તે ખેદમય હોતો નથી. પોતાનો સહજ સ્વભાવ જે અનાદિ-અનંત છે, પરમ-પારિણામિકભાવમય છે, તેમાંથી સ્વભાવપરિણતિ પ્રગટ થાય છે. તે સહજ સ્વભાવ આનંદરૂપ જ છે.

નિવૃત્તિના પંથે જવું તે મુક્તિનો માર્ગ છે. તેમાંથી શાંતિની ધારા પ્રગટ થાય છે. નિવૃત્તિનો અર્થ શૂન્યતા નથી; આત્મા અંતરમાં તો આનંદમુદ્રિત સ્વસંવેદનસામર્થ્યથી ભરપૂર છે. તે સ્ભાવને પ્રગટ કર. તે આશ્ચર્યરૂપ છે, અનુપમ છે. ગુરુદેવ તે બતાવતા હતા.

સાચો નિવૃત્તિપંથ તો ગુરુદેવે બતાવ્યો છે. તું તારી સ્વભાવ-ક્રિયાનો કરનારો છે, તોપણ અંદરમાં સ્થિરતા પ્રાપ્ત ન થઈ શકે તો શુભભાવનાં કાર્ય થાય છે. પૂજા-ભક્તિ વગેરેના ભાવ આવે છે તોપણ તે સર્વસ્વ નથી; સર્વસ્વ તો—સંપૂર્ણપણે આદરણીય તો—' વીતરાગ થવું ' તે છે. શુભભાવ વ્યવહારથી આદરણીય કહેવાય છે, નિશ્ચયથી તો હેય છે.

ખરેખર વીતરાગપંથ તો વિભાવથી છૂટીને સ્વભાવમાં ઠરી જવું તે જ છે. શાંતિનો સાચો પંથ તે જ છે. દૃષ્ટિમાં આદરણીય તો નિવૃત્તસ્વરૂપ ધ્રુવ સ્વભાવ જ છે. તે સ્વભાવમાં તું જા. નિવૃત્તસ્વરૂપ સ્વભાવમાં જા તો શાંતિની અનુપમ ધારા પ્રગટ થશે.

બધું—માતાપિતાદિને—છોડીને તમે (બ્રહ્મચારિણી બહેનોએ) ગુરુદેવના સાન્નિધ્યમાં નિવૃત્તિ લીધી છે તો નિવૃત્તસ્વરૂપ આ આત્માના નિવૃત્તસ્વભાવમાં દૃષ્ટિ દઈને નિવૃત્તિપંથ ઉજાળવાયોગ્ય છે. નિવૃત્તસ્વરૂપ આ આત્માની દૃષ્ટિ કરવી તે જ મનુષ્યજીવનની સફળતા છે. વચ્ચે શુભભાવ ભલે આવે, પરંતુ દૃષ્ટિ તો નિવૃત્તસ્વભાવ ઉપર જ રાખવી. તે જ માર્ગ છે. શુભાશુભ ભાવોથી ભિન્ન નિવૃત્તસ્વરૂપ નિજ આત્મામાં દૃષ્ટિ લગાવીને, અંગીકૃત કરેલા નિવૃત્તિપંથને દીપાવવા જેવા છે.

[શ્રી ગોગીદેવી શ્રા. બ્ર૦ આશ્રમની વાર્ષિક તિથિ—માહ સુદ પાંચમ—પ્રસંગે કલ્યાણપ્રેરક સંબોધન]

❋

કરવાનું તો એક જ છે—એક આત્માની સાધના. તેની સાથે દેવ-શાસ્ત્ર-ગુરુ—બધું આવી જાય છે. શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુ ને અંતરમાં એક આત્મા. 'अहमिक्को खलु सुद्धो'—બસ, એક શુદ્ધાત્મા.

મોક્ષમાર્ગમાં સાધ્યસાધકભાવના ભેદ વચ્ચે આવે છે, પણ તેમાંથી 'એક'ને જ સાધવાનો છે. દૃષ્ટિ એક આત્મા ઉપર જ છે. એકને સાધતાં અંતરમાં અનંત ગુણ સધાઈ જાય છે. બધાને જુદા જુદા સાધવા પડતા નથી. જીવને એમ થાય કે અનંતને કઈ રીતે પહોંચી વળીશ? પરંતુ તે અનંતને પહોંચવું પડતું નથી. 'એક'ને પહોંચી જા તો બધાને પહોંચી વળાશે. બધો ભંડાર એક શુદ્ધાત્મામાં જ ભરેલો છે. બસ, તે 'એક'ને પહોંચી જા. એક ચૈતન્યદેવની જે દિવ્યતાપૂર્ણ શક્તિ તેને ઓળખી લે. તેની દૃષ્ટિ કર. તે તરફ પરિણતિ કર. તેમાં જ દર્શન-જ્ઞાન-ચારિત્રની સાધના થશે. તેમાં જ તપની આરાધના થશે.

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર—બધું એમાં જ આવી જશે. એક ચૈતન્યદેવનો આચાર પ્રગટ થયો—એક દ્રવ્યની દૃષ્ટિ અને લીનતા પ્રગટ થઈ—તેમાં બધું આવી જશે. બહારનાં કામમાં કોઈ માણસ એમ કહી શકે કે આ બધું કામ હું એકલો કઈ રીતે કરી શકીશ? પણ અહીં તો આ આત્મા પોતે એકલો બધા—અનંત ગુણોને સ્વયં સ્વતઃ જ પહોંચી વળનારો છે. જીવ બહારના કામની હિંમત કરે છે પરંતુ અંતરના આ કામની હિંમત કરતો નથી! તું એકલો જ અંતરનાં બધાં કાર્યોને

પહોંચી વળનારો, સર્વસ્વ-શક્તિથી ભરેલો છે.

તું એક આત્માના 'તળ' ઉપર દૃષ્ટિ દે અને તેમાં રમણતા કર તો કેવળજ્ઞાન સુધી પહોંચી જવાશે. ચૈતન્યનું કાર્ય પ્રગટ કર તો બધા ગુણોમાં—જ્ઞાનમાં જ્ઞાનનું, દર્શનમાં દર્શનનું, આનંદમાં આનંદનું, તપમાં તપનું એ રીતે—બધું કાર્ય પ્રગટ થઈ જશે.

'હું ચૈતન્ય જ છું, શરીર ને વિભાવપર્યાય મારું સ્વરૂપ નથી, હું તેમાં અનંત કાળથી નકામો ફસાઇ રહ્યો છું. મારો ચૈતન્યસ્વભાવ ન્યારો જ છે.'—આ રીતે ચૈતન્યદરબારમાં દૃષ્ટિ કર તો કાર્ય સ્વયં થવા માંડશે.

ચૈતન્યના તળ પર પહોંચવાથી, તેની પૂર્ણતા કેવી હોય છે, સાધક કેવો હોય છે, તેનાં આદિ-મધ્ય-અંત કેવાં હોય છે—બધો પત્તો લાગી જાય છે. મૂળને ઓળખ્યા વિના, તેની સાધકતા કેવા પ્રકારની હોય છે તે પણ ખબર ન પડે. 'તળ'માં પહોંચી જા તો બધું ઓળખાઈ જશે. પાંદડાં પર પાણી નાખવાથી નહિ, પણ મૂળમાં પાણી સીંચવાથી આંબો ફળે છે—તે નથી જોયું? તો અહીં ઉપર-ઉપર શુભભાવનાં પાણી નાખવાથી શું વળશે? મૂળમાં જ્ઞાયકના આલંબનરૂપ પાણી સીંચ ને!

'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ.' એક સમ્યક્ત્વ પ્રગટ થતાં જ સ્વરૂપાચરણ ચારિત્રાદિ બધા ગુણોના યથાસંભવ અંશ પ્રગટ થાય છે; તેથી સમ્યક્ત્વરૂપ પરિણમતાં જ તારી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સાધના શરૂ થશે અને તારો આત્મા દિવ્યતાથી—શુદ્ધતાથી ખીલી ઊઠશે. અહા! એવી સાધના કરનારા મુનિરાજોની તો શી વાત? ક્ષણે-ક્ષણે અંદરમાં જાય છે, સ્વરૂપની સાધના કરે છે. એમની શક્તિ તો કોઈ જુદી છે!

'એક'ની સાધનામાં બધું આવી જાય છે. એક ચૈતન્યદેવ જાગૃત થયો તો તેની પાછળ બધી શક્તિઓ જાગી ઊઠે છે. વાહ! અનંત ગુણોથી ગૂંથાયેલો ચૈતન્યદેવ જાગૃત થતાં બધા ગુણોમાં જાગૃતિ આવી ગઈ.

જ્ઞાનની એક સમયની પર્યાય ચૈતન્યના અનંત અવિભાગ અંશોનું જ્ઞાન કરે, સમગ્ર લોકાલોકને જાણે, ભૂત-વર્તમાન-ભવિષ્ય—ત્રણે કાળ તેમ જ સમસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, એ બધાંને જાણે;—આ સાંભળીને કોઈને

[ વધુ માટે જુઓ પેજ નં. ૨૫ ]

# શુદ્ધાત્મપ્રકાશક સ્વાનુભૂતિગર્ભીત ગુરુવચનો

શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવવામાં ગુરુનાં અનુભવપૂર્વક નીકળેલા વચનો રામબાણ જેવા છે. જેનાથી મોહ ભાગી જાય છે અને શુદ્ધાત્મતત્ત્વનો પ્રકાશ થાય છે. ૧૨૪.

[ 'બહેનશ્રીના વચનામૃત ' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૨૨-૭-૭૮ ]

શુદ્ધ આત્માનું સ્વરૂપ! ઝીણી વાત છે બાપુ! તેનો અભ્યાસ નથી ને! અંદર આત્મા જે છે ને, વસ્તુ તરીકે શુદ્ધ આનંદકંદ પ્રભુ છે.

પ્રશ્ન :—છે તો દેખાતો કેમ નથી?

ઉત્તર :—અંદર આત્મામાં નજર કયાં કરે છે? એની નજર તો અનાદિથી આ દયા, દાન, વ્રત, ભક્તિ અને પુણ્ય-પાપ વગેરે બાહ્ય સંસારભાવમાં પડી છે, ત્યાં જ તે રખડે છે. અંદર સ્વભાવ જે છે તેને જોતા નથી, અને જે તેના સ્વભાવમાં નથી તેને જોઈને અટકી ગયો છે.

પહેલાં તો એકલું શુદ્ધાત્માનું સ્વરૂપ......

પ્રશ્ન :—શુદ્ધાત્માનું સ્વરૂપ એટલે શું?

ઉત્તર :—આ આત્મા પુણ્ય-પાપના વિકલ્પો જે વિકાર છે, અશુચિ છે, મલિન છે, અશુદ્ધ છે, તેનાથી ભિન્ન શુદ્ધ ચીજ છે, ત્રિકાળ પવિત્ર વસ્તુ છે. ભગવાન આત્મા પોતે અંતરમાં સચ્ચિદાનંદસ્વભાવી વસ્તુ છે. ભાઈ! તને ખબર નથી કે એ અતીન્દ્રિય આનંદનો ભંડાર છે; જ્ઞાન, દર્શન આદિ અનંત અતીન્દ્રિય ગુણો—શક્તિઓ-સ્વભાવોનું તે મોટું ગોદામ છે. પોતે ગુણનું ગોદામ છે, પણ કોને ખબર? કોઈ દી એની સામે જોયું નથી!

અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત અતીન્દ્રિય આનંદ, અનંત નિર્મળતા, સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતા—એવી અનંત અનંત શક્તિઓનું—શક્તિ કહો, ગુણ કહો કે સ્વભાવ કહો—તે (ભગવાન આત્મા) સંગ્રહાલય છે. એની એ અનંત શક્તિઓ બેહદ છે. બાપુ! તે સ્વયં સિદ્ધ ચીજ આનંદાદિ અનંત શક્તિઓનો સાગર છે.

એ શુદ્ધ આત્માના સ્વરૂપને બતાવવા અનુભવપૂર્વક નીકળેલાં ગુરુનાં, જ્ઞાની

ધર્માત્માનાં, વચનો રામબાણ જેવાં છે. રામનું બાણ જેમ નાખ્યું ફરે નહિ, તેમ અનુભવી ધર્માત્માએ કહેલાં વચનો કદી ફરે નહિ.

અહા! આવી વાત! આ ધરમ! દુનિયા બિચારી કયાં માનીને બેઠી છે? એક તો નવરો નહિ સંસારમાં પાપ આડે; ધંધા બાયડી, છોકરા ને કુટુંબ સાચવવાં, ખેતર સાચવવાં, છોકરાં હોય તેને ઠેકાણે નાખવાં—સારા ઠેકાણે. અહાહા! એકલું પાપ ને અધર્મ! અને એમાંથી એને દુર્ગતિ થવાની.

પ્રશ્ન:—તો અમારે શું કરવું તે કહો.

ઉત્તર:—એ તો અહીં કહે છે. જે કરે છે તે કરવાનું છોડી દે. દયા, દાન, વ્રતના પરિણામ ધર્મ છે, કરવાયોગ્ય છે—એ મિથ્યા માન્યતા છોડી દે, કેમ કે વસ્તુના મૂળ સ્વરૂપમાં તે પુણ્ય-પાપના ભાવ છે જ નહિ. અનાદિથી વિકારી દશા નવી નવી ઉત્પન્ન કરી છે; તેથી તે ઉત્પન્ન કરેલા ભાવો દશામાં છે, વસ્તુમાં નથી.

ભગવાન આત્મા સ્ફટિક જેવો નિર્મળ શુદ્ધ છે,તેમાં દૃષ્ટિ કર. જે કોઈ પરમાત્મ-દશા થાય છે તે અંદર જે શક્તિ છે, સ્વભાવ છે, તેનાથી થાય છે. અહા! 'હું પરમાત્મસ્વરૂપ છું' એવાં ગુરુ-ધર્માત્માનાં સ્વાનુભવ સહિત નીકળેલાં વચનો રામબાણ જેવાં છે, તેનાથી મોહનો નાશ થાય છે, ભગવાન આત્માનો અંદર પ્રકાશ થાય છે.

પ્રશ્ન:—આ માણસ છે, આ ઢોર છે, એમ બહારનું બધું તો દેખાય છે, પણ આત્મા પરમાત્મસ્વરૂપ છે એ કયાંથી કાઢયું?

ઉત્તર:—બાપુ! તને ખબર નથી ભાઈ! આ આત્મા સ્વરૂપે ભગવાન છે, આનંદનો નાથ છે તે શુદ્ધ ચૈતન્યઘન છે. વસ્તુ છે ને? તત્ત્વ છે ને? મોજૂદગી-હયાતી-રાખતી એક ચીજ છે કે નહિ? જો છે તો તેને નિત્યપણું છે કે નહિ? નિત્યપણું છે તો નિત્યપણાનો સ્વભાવ શું છે? અરે! એ વિચારવાનો એને વખત કયાં મળે છે? તે નિત્યપણામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ વગેરે અનંત ગુણો ભર્યા પડયા છે. એનું એની વર્તમાન દશામાં એને ભાન કયાં છે? એ તો વર્તમાન દશામાં પુણ્ય-પાપના ભાવોને પોતાના માનીને ચોરાશીના અવતારમાં રખડી મરે છે. પાપ કરે તો નરક ને પશુમાં જાય, અને પુણ્ય કરે તો દેવ ને મનુષ્યમાં જાય.

ઘણા વાણિયા તો મરીને પશુ થવાના. કેમ? અંદર આત્માનું તો ભાન છે નહિ, અને આખી જિંદગી લોભ ને માયા વગેરે કષાયભાવોમાં વેડફી નાખી હોય ત્યાં તેને બીજી શી ગતિ હોય? ઘણા વાણિયાને માંસ ને દારૂ ખાવા-પીવાના ભાવ હોય નહિ તેથી નરકમાં જાય નહિ. સત્સમાગમે દરરોજ ચાર-પાંચ કલાક અધ્યાત્મ-તત્ત્વનું વાંચન-મનન જોઈએ. તો તો પુણ્ય થાય અને મનુષ્યપણું પામે, સ્વર્ગમાં

પણ જાય; પણ એ તો છે જ નહિ. પચીસ, પચ્ચાસ લાખ કે કરોડ રૂપિયા ભેગા કર્યા એમાં તારામાં શું થયું? તે તો જડ-ધૂળ છે. 'મેં ભેગા કર્યા' એ બધાં અભિમાન ને મિથ્યાત્વમય ભ્રમ છે.

અહીં તો કહે છે : રાગથી ને દયા-દાનના શુભ વિકલ્પોથી રહિત, અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ શુદ્ધાત્મા અંદરમાં બિરાજે છે; તેના સ્વરૂપને બતાવનારાં ગુરુનાં અનુભવપૂર્વક નીકળેલાં વચનો રામબાણ જેવાં છે; તેનાથી મોહ ભાગી જાય છે. ગુરુવચનો એને શુદ્ધ આનંદનાથ બતાવે અને જો પોતે નજર ત્યાં નાખે, તો મોહનો નાશ થાય, મિથ્યાત્વનો—ભ્રમણાનો નાશ થાય.

જીવ અનાદિથી ભટકે છે ત્યાં અજ્ઞાન ને પુણ્યપાપના ભાવો કરે, પણ પરનું કાંઈ કરી શકતો નથી. એક પાંદડું પણ ફેરવી શકે નહિ; એક તણખલાના બે કટકા પણ આત્મા કરી શકે નહિ; કારણ કે તે જડ પરવસ્તુ સ્વતંત્ર ચીજ છે. શુભ ને અશુભ પરિણામ, કર્તા થઈને, કરે છે તેથી તે મિથ્યાત્વભાવના સેવન વડે ચતુર્ગતિમય સંસારમાં રખડે છે. બહારમાં લોકો માન આપે તેથી શું થયું? વસ્તુસ્વરૂપની કે ધર્મની તો કાંઈ ખબર નથી!

મદ્રાસમાં માંગલિક પ્રવચન પછી ત્યાંના ગવર્નર 'રાજભવનમાં પધારો, અમારે મદ્રાસ રાજ્ય તથા પ્રજા વતી આપનું સ્વાગત કરવું છે' એમ વિનંતિ કરી. ત્યાં ગયા હતા. રાજભવનના વિશાળ ઉદ્યાનમાં તેરસો હરણિયાં અને ઘણાં સસલાં મુક્ત હરેફરે છે. રાજય પ્રતિબંધને લીધે કોઈ તેનો શિકાર કરી શકે નહિ. ત્યાં ગવર્નરને પણ આ જ વાત કરી હતી. જીવદયાના ભાવ—અંદર રાગની મંદતા હોય તો—શુભરાગ છે, પુણ્યભાવ છે. શુભરાગ ધર્મ નથી. હું પરને બચાવી-જિવાડી શકું છું એવી માન્યતા સાથે છે તેથી તે શુભરાગ પાપાનુબંધી પુણ્ય—મિથ્યા ભ્રાન્તિ સહિતનું પુણ્ય છે. શુભ ને અશુભરાગ રહિત વીતરાગ ભાવ તે સાચો ધર્મ છે. જેમણે વીતરાગની આ વાત ન સાંભળી હોય તેમને આકરી પડે. ધર્મી જીવ તો એમ માને છે કે—હું પરનો કર્તા તો નથી જ; પણ પુણ્ય-પાપના ભાવનોય પરમાર્થે કર્તા નથી; કેમ કે મારું મૂળ સ્વરૂપ તો શુદ્ધ જ્ઞાનઘન છે, જાણનાર-દેખનાર છે, પ્રજ્ઞાબ્રહ્મ ને આનંદબ્રહ્મ છે.

પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મ અંદર શુદ્ધ સ્વરૂપે બિરાજે છે-એમ ગુરુ બતાવે છે. અને જો જીવ શુદ્ધ સ્વરૂપમાં દૃષ્ટિ કરે તો મિથ્યાત્વરૂપ ભ્રાંતિનો નાશ થઈ જાય છે. ભ્રાંતિ નાશ થવાનો બીજો એકેય ઉપાય નથી. બ્રહ્મચર્ય પાળું અને વ્રતાદિ બહુ કરું તો ભ્રાંતિ ટળે-એમ છે નહિ. માત્ર રામબાણ જેવાં ગુરુ વચનોએ બતાવેલા નિજ શુદ્ધ સ્વરૂપમાં દૃષ્ટિ કરે તો તેનાથી મોહનો નાશ થાય અને નિજ શુદ્ધાત્મતત્ત્વનો પ્રકાશ થાય છે.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૫ ]

# મહા આનંદનો ઉપાય : નિરુપચાર રત્નત્રય પરિણતિ

શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

ત્રણ ગાથા પૂરી થઈ. હવે ચોથી ગાથામાં રત્નત્રયના ભેદ અને લક્ષણ વિષે કહે છે :—

છે નિયમ મોક્ષોપાય, તેનું ફળ પરમ નિર્વાણ છે;
વળી આ ત્રણેનું ભેદપૂર્વક ભિન્ન નિરૂપણ હોય છે. ૪.

અર્થ:—(રત્નત્રયરૂપ) નિયમ મોક્ષનો ઉપાય છે; તેનું ફળ પરમ નિર્વાણ છે. વળી (ભેદકથન દ્વારા અભેદ સમજાવવા અર્થે) આ ત્રણનું ભેદ પાડીને જુદું જુદું નિરૂપણ હોય છે. ૪.

રત્નત્રયસ્વરૂપ નિયમ તે મોક્ષનો ઉપાય છે. આનંદકંદ આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા તે મોક્ષનો ઉપાય છે. તેનું નામ નિયમ છે. શુદ્ધ આત્મા સિવાય બીજાને મારે શ્રદ્ધામાં માનવો નહિ, એવો નિયમ લેવો તે સમ્યગ્દર્શન છે. હું પરિપૂર્ણ પરમાત્મા છું, તે સિવાય અધૂરો કે વિકારી ન માનવો – એવો પ્રથમ સમ્યગ્દર્શનનો નિયમ છે. શુદ્ધ ચૈતન્ય સિવાય પુણ્ય–પાપને કે દેહની ક્રિયાને પોતાની માનવાની બાધા લેવી, તે મોક્ષમાર્ગનો મૂળ નિયમ છે. બહારમાં આ ખપે ને આ ન ખપે– એ તો રાગ છે, તે મારું સ્વરૂપ નથી, પણ સ્વભાવ સન્મુખ થઈને ચિદાનંદ આત્માનું સ્વરૂપ જાણવું – માનવું તેમાં ઠરવું તે નિયમ છે, ને તે જ મોક્ષનો ઉપાય છે.

આવા નિયમનું ફળ શું? — કે પરમ નિર્વાણ તે તેનું ફળ છે. વળી રત્નત્રયમાં દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણેનું જુદું જુદું નિરૂપણ પણ હોય છે. આત્મામાં તો દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે અભેદ છે, પણ ભેદ દ્વારા તે અભેદ સમજાવવા માટે દર્શન-જ્ઞાન–ચારિત્રના ભેદ પાડીને પણ કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર–એ ત્રણેનાં જુદાં લક્ષણ કહેશે. પણ આત્માથી તે ત્રણે જુદા નથી.

સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર એ ત્રણે રત્નો છે. તેનાથી મોક્ષ મળે છે. મોક્ષ એટલે શું? "સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો મહા આનંદનો લાભ તે મોક્ષ છે." જુઓ! આ ચૈતન્ય વસ્તુ સમજવાની અંદર ગરજ હોવી જોઈએ. તે સાંભળવા માટે અંદર હોંસ ને ઉત્સાહ જોઈએ. આત્મા શું છે? તે સાંભળ્યું નથી. સમયસારની ચોથી ગાથામાં આચાર્યદેવ કહે છે કે શુદ્ધ આત્માની વાત કદી જીવે

સાંભળી નથી, અંદર રુચિ પ્રગટ કરીને કદી સાંભળ્યું નથી. જેને આત્માની રુચિ જાગી હોય તેને તેના શ્રવણ – મનની કેટલી દરકાર હોય!

સમસ્ત કર્મના નાશથી જે સાક્ષાત્ મહા આનંદની પ્રાપ્તિ થાય છે તેનું નામ મોક્ષ છે. શુભભાવ તે પણ કર્મનું કારણ છે. શુભ ને અશુભ બધા ભાવોથી રહિત એવું મોક્ષપદ છે, તે જેને રુચે તેણે શુભ-અશુભની રુચિ છોડવી જોઈએ. દયાદિ ભાવો તે પણ કર્મના બંધનું કારણ છે. તેનો અભાવ થઈને મોક્ષ થાય છે. સમસ્ત કર્મના અભાવથી જે સાક્ષાત્ મહા આનંદનો લાભ થાય તે મોક્ષ છે. પૈસાનો લાભ કે સ્વર્ગનો લાભ કે તીર્થંકર પદનો લાભ તેમાં આત્માને આનંદનો લાભ થતો નથી. આનંદ તો પુણ્ય-પાપના અભાવથી આત્મામાં પ્રગટે છે. કર્મના કારણની રુચિ છોડીને એટલે કે પુણ્ય-પાપની રુચિ છોડીને શુદ્ધ ચૈતન્યની પ્રથમ રુચિ કરે ત્યાં સાધકને અમુક આનંદ તો પ્રગટ્યો હતો, પણ પછી પુણ્ય-પાપનો સર્વથા અભાવ કરીને સાક્ષાત્ મહા આનંદ પ્રગટે છે. જેને કોઈપણ કર્મ રુચે છે તેને આત્માનો મોક્ષ રુચતો નથી. જેને આત્માની રુચિ છે તેને કર્મના કારણરૂપ કોઈપણ ભાવોની રુચિ નથી.

સમસ્ત કર્મોના નાશથી સાક્ષાત્ મહા આનંદનો લાભ નવો મેળવાય છે, એટલે કે મોક્ષ પર્યાય નવી પ્રગટ થાય છે, સંસાર પર્યાયનો નાશ કરીને મોક્ષપર્યાય પ્રગટે છે, તે શેમાંથી પ્રગટે છે?–કે સ્વભાવમાં તે શક્તિ ત્રિકાળ છે તેમાંથી મોક્ષપર્યાય પ્રગટે છે. તે મોક્ષપર્યાયમાં મહા આનંદનો લાભ છે, સાધકને સમ્યગ્દર્શન થતાં અપૂર્વ આનંદ તો પ્રગટે છે, પણ મોક્ષપદમાં તો મહા આનંદ છે.

તે મહા આનંદનો ઉપાય શું?

"તે મહા આનંદનો ઉપાય પૂર્વોક્ત નિરુપચાર રત્નત્રયરૂપ પરિણતિ છે." પુણ્ય-પાપ રહિત ચિદાનંદ કારણ પરમાત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ને રમણતાનું નામ નિરુપચાર રત્નત્રય છે.

શ્રીમદ્ કહે છે કે "મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા."

અહીં કહ્યું કે "મોક્ષ કહ્યો મહા આનંદ."

એવા મહા આનંદરૂપ મોક્ષદશા શુદ્ધ રત્નત્રયથી પ્રગટે છે. શુદ્ધ રત્નત્રય તે નિરુપચાર રત્નત્રયરૂપ પરિણતિ છે. વચ્ચે વ્યવહાર શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રનો જે શુભરાગ છે તે ખરેખર રત્નત્રય નથી, તે તો ઉપચાર રત્નત્રય છે. ત્રિકાળ નિજ પરમાત્માની શ્રદ્ધા–જ્ઞાન–રમણતારૂપ જે પરિણતિ છે તે નિરુપચાર રત્નત્રય પરિણતિ છે ને નિરુપચાર રત્નત્રય પરિણતિ છે તે જ મોક્ષનો ઉપાય છે.

અનંતકાળમાં આવાં રત્નત્રય જ પ્રગટ કર્યાં નથી. અનંતવાર રાજા થયો ને દેવ થયો. પંચમહાવ્રતધારી દ્રવ્યલિંગી સાધુ થયો. પણ આત્માનો સ્વભાવ શું તેનું ભાન કર્યા વિના રખડ્યો. આત્માના સ્વભાવના આશ્રયે રાગરહિત શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની જે નિરુપચાર પરિણતિ છે તે જ મોક્ષનો ઉપાય છે. સંસાર અને મોક્ષ એ બન્ને પર્યાય છે તેમાં મોક્ષ તે મહા આનંદરૂપ શુદ્ધ પર્યાય છે, ને તેનો ઉપાય રાગરહિત શુદ્ધ રત્નત્રય પરિણતિ છે. પરિણતિ એટલે પર્યાય; નિરુપચાર રત્નત્રય એટલે કે વીતરાગી રત્નત્રય તે મોક્ષમાર્ગ છે. તે નિરુપચાર રત્નત્રય પરિણતિમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે. તે નિરૂપચાર રત્નત્રય પરિણતિના ભેદ પાડીને કહીએ તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર—એમ ત્રણેનું જુદું કથન હોય છે.

જેમને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન છે એવા સર્વજ્ઞ પરમાત્માને તે પરમાત્મદશા ક્યાંથી પ્રગટી? પોતાના આત્મામાં શક્તિ હતી તેમાંથી તે પરમાત્મ દશા પ્રગટી છે, તેવી શક્તિ બધા આત્મામાં ભરી છે, તેનાં શ્રદ્ધા જ્ઞાન કરીને તેમાં એકાગ્રતા કરવી તેને ભગવાને મોક્ષનો ઉપાય કહ્યો છે, વચ્ચે વ્યવહારરત્નત્રય અને શુભરાગ આવે છે તે નિરુપચાર રત્નત્રય નથી, નિરુપચાર રત્નત્રય તો રાગરહિત છે. ચૈતન્યની શુદ્ધ પરિણતિ પ્રગટી તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે. સમ્યગ્દર્શન તે ગુણ નથી પણ પરિણતિ છે, પરિણતિ એટલે પર્યાય, હાલત, દશા, અંશ; ગુણ તો ત્રિકાળ છે, તે નવો પ્રગટતો નથી નવી તો પર્યાય પ્રગટે છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેને અભેદ કરીને રત્નત્રય-પરિણતિ કહી, અને તેના ભેદ પાડીને કહેતા દર્શન-જ્ઞાન-ચારિત્રનું જુદું-જુદું કથન હોય છે. તે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેનાં લક્ષણ પણ જુદાં જુદાં છે. તે આગળ કહેવાશે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આત્મામાં અભેદપણે વર્તે છે, પણ સમજાવવા તે ત્રણેનું ભેદ પાડીને વર્ણન કરશે. જેને સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા નથી તેને તો વ્યવહાર સમ્યગ્દર્શન પણ નથી; સાચા દેવ-શાસ્ત્ર-ગુરુને ઓળખે ને તેનાથી વિરુદ્ધ બીજાને ન માને ત્યારે તો હજી વ્યવહાર શ્રદ્ધા થઈ કહેવાય. તે વ્યવહાર શ્રદ્ધા પણ પુણ્યનું કારણ છે. મોક્ષનું કારણ તો ચૈતન્યસ્વભાવનાં રાગરહિત શ્રદ્ધા જ્ઞાન ને રમણતા જ છે. તે દરેકનું સ્વરૂપ હવેની ગાથાઓમાં કહેવાશે.

હવે ચોથી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહેવામાં આવે છે.

[શ્લોકાર્થ :—] મુનિઓને મોક્ષનો ઉપાય શુદ્ધરત્નત્રયાત્મક (શુદ્ધરત્નત્રય પરિણતિએ પરિણમેલો) આત્મા છે. જ્ઞાન આનાથી કોઈ બીજું નથી, દર્શન પણ આનાથી બીજું નથી જ અને શીલ (ચારિત્ર) પણ બીજું નથી.—આ, મોક્ષને

પામનારાઓએ (અર્હંત ભગવંતોએ) કહ્યું છે આ જાણીને જે જીવ માતાના ઉદરમાં ફરીને આવતો નથી, તે ભવ્ય છે. ૧૨.

મુનિ કેવા હોય? નિર્ગ્રંથ હોય-એકલી બહારની જ નિર્ગ્રંથતા જ નહિ, પણ અંતરમાં મિથ્યાત્વ તેમ જ રાગદ્વેષના પરિગ્રહ રહિત અભ્યંતર નિર્ગ્રંથપણા સહિત હોય ને બહારમાં વસ્ત્રાદિ પરિગ્રહ રહિત નિર્ગ્રંથ દશા હોય તેવી મુનિદશા છે. તેવા મુનિવરોને રત્નત્રયાત્મક શુદ્ધ આત્મા તે મોક્ષનો ઉપાય છે.

ક્ષેત્ર, મકાન, ચાંદી, સોનું ધાન્ય, દાસી, દાસ, કપડાં અને વાસણ એમ દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ છે; એક મિથ્યાત્વ, ચાર કષાય અને નવ નોકષાય એમ ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ છે.—આવા બાહ્ય તેમ જ અંતરના પરિગ્રહ રહિત નિર્ગ્રંથ મુનિદશા હોય છે. અંદર ઊંધી શ્રદ્ધા પડી હોય તેને તો મિથ્યાત્વનો મોટો પરિગ્રહ પડયો છે, તેને મુનિદશા હોય નહિ. જેની પ્રરુપણા ઊંધી આવતી હોય, પુણ્યથી ધર્મ મનાવતા હોય, નિમિત્તના આશ્રયે લાભ મનાવતા હોય તેને તો અંદર મિથ્યાત્વનો પરિગ્રહ પણ છૂટયો નથી એટલે સમ્યગ્દર્શન પણ નથી, તેને નિર્ગ્રંથ કહેવાય નહિ.

અંતરમાં ચૈતન્યસ્વભાવના આશ્રયે જ ધર્મ છે. એવા ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા વડે જેણે મિથ્યાત્વનો પરિગ્રહ છોડયો છે ને તેમાં લીનતા વડે જેણે રાગાદિ પરિગ્રહ પણ છોડયો છે, તથા બાહ્યમાં વસ્ત્રાદિ પરિગ્રહ સહેજે છૂટી ગયો છે, એવા મુનિને નિર્ગ્રંથ કહેવાય છે. આવા નિર્ગ્રંથ સંત મુનિઓ અત્યારે મહાવિદેહમાં હજારો બિરાજે છે. કુંદકુંદ ભગવાન ત્યાં ગયા હતા, તેમને પણ આવી નિર્ગ્રંથ મુનિદશા હતી. એવા મુનિઓને મોક્ષનું કારણ શું ?—કે રત્નત્રયપણે પરિણમી ગયેલો પોતાનો અભેદ આત્મા તે જ મોક્ષનો ઉપાય છે. અભેદ રત્નત્રયપણે પરિણમેલો આત્મા જ મોક્ષમાર્ગ છે, ને ભેદ પાડીને કહેતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. પણ વ્યવહાર રત્નત્રય તો શુભરાગ છે, તે મોક્ષમાર્ગ નથી. ચૈતન્યબિંબ જ્ઞાનાનંદસૂર્ય ભગવાન આત્મા છે, તેની પ્રતીત, જ્ઞાન ને રમણતારૂપે પરિણમેલો આત્મા જ મોક્ષનો ઉપાય છે. રત્નત્રયરૂપે પરિણમેલો આત્મા જ દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે. જ્ઞાન આત્માથી જુદું નથી. જે સમ્યગ્જ્ઞાન પ્રગટયું તે આત્માથી જુદું નથી. આત્મા પોતે તે-રૂપે પરિણમી ગયેલો છે. સમ્યગ્દર્શન પણ આત્માથી જુદું નથી, સમ્યગ્દર્શન આત્મામાં અભેદ છે અને શીલ એટલે સમ્યક્ ચારિત્ર તે પણ આત્માથી જુદું નથી. એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આત્મામાં અભેદ છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર આ આત્માથી જુદા નથી. રત્નત્રયસ્વરૂપે જે આત્મા પરિણમ્યો તે આત્મા જ સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. પોતાના આત્મા તરફ ઝૂકાવ કરીને જે પ્રતીતિ, જ્ઞાન ને રમણતા થયા તે જ મોક્ષમાર્ગ છે.

મોક્ષને પામ્યા એવા ભગવાન અર્હંત પરમાત્માએ તો આવો મોક્ષમાર્ગ કહ્યો છે. આ વાત સમજીને અંતરમાં પરિણમાવવાની છે. અંદર પહેલાં વિશ્વાસ આવવો જોઈએ. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણનારા સર્વજ્ઞો છે, એની પણ જેને પ્રતીતિ ન હોય તેને તો આવા આત્માના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા થાય નહિ. અહીં તો ટીકાકાર કહે છે કે જે સર્વજ્ઞ ભગવંતો મોક્ષ પામ્યા છે તેમણે આ વાત કરી છે. તેઓ આવા મોક્ષમાર્ગથી મોક્ષ પામ્યા છે, ને તેમણે આવો મોક્ષનો ઉપાય કહ્યો છે રાગ તો પરમાર્થે આત્માથી જુદી ચીજ છે, તેને ભગવાને મોક્ષમાર્ગ કહ્યો નથી. અંદરમાં ચૈતન્યસ્વભાવના રાગરહિત શ્રદ્ધા-જ્ઞાન–ચારિત્ર તે રત્નત્રય છે, એવા રત્નત્રયરૂપે પરિણમેલો આત્મા મોક્ષનું કારણ છે. જે સિદ્ધ થયા તેમને તો વાણી ન હોય, પણ જેઓ કેવળજ્ઞાન પ્રગટ કરીને મહા આનંદરૂપ ભાવમોક્ષ પામ્યા છે એવા શ્રી તીર્થંકર ભગવંતોએ આવો મોક્ષનો ઉપાય કહ્યો છે.

વીતરાગે કહેલો આવો મોક્ષનો ઉપાય જાણીને જીવે શું કરવું ? તો કહે છે કે 'આ જાણીને જે જીવ માતાના ઉદરમાં ફરીને આવતો નથી તે ભવ્ય છે.'

મુનિને પોતાને મોક્ષદશા એકદમ નિકટ વર્તે છે, એકાદ ભવ વચ્ચે રહ્યો છે તેનો નકાર કરતા જાય છે કે ભગવાને કહેલો આવો મોક્ષનો ઉપાય જાણીને જે જીવ માતાના ઉદરમાં ફરીને આવતો નથી તે ભવ્ય છે. અમે તો આવો મોક્ષમાર્ગ જાણ્યો છે ને અમે ફરી માતાના ઉદરમાં આવવાના નથી. હવે અમને વિશેષ ભવ નથી. જે આવા મોક્ષમાર્ગનો નિર્ણય કરે તેને પણ વિશેષ ભવ હોતા નથી. જુઓ તો ખરા ! અંદરના પડકાર કર્યા છે ! અહીં તો કહે છે કે જે જીવ આવું સમજીને ફરીને નવી માતાના પેટે અવતાર ધારણ કરતો નથી તેને અમે ભવ્ય કહીએ છીએ. અહીં સાધારણ ભવ્યની વાત નથી લીધી, પણ જેણે અંદરમાં ચૈતન્યનો નિર્ણય કરીને અવતારનો નાશ કર્યો છે, જે જીવ અલ્પ કાળે મોક્ષ પામી જવાનો છે એને અમે ભવ્ય કહીએ છીએ. ભગવાને જે શુદ્ધ મોક્ષમાર્ગ કહ્યો તેવા મોક્ષમાર્ગને જાણો તો ખરા ! અંદર ચૈતન્ય સ્વભાવી કારણપરમાત્મા બિરાજી રહ્યો છે તેનાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતા જ મોક્ષનો ઉપાય-છે.—એમ પહેલાં નિર્ણય તો કરો. આવો નિર્ણય કરશે તે અલ્પકાળે મોક્ષ પામી જશે.

આત્માનો ભરોસો કરો. આત્મા સિવાય પરના ભરોસે ભૂલી રહ્યો છે. ભગવાન ! શાંત થા, મનુષ્યપણું મળ્યું ને વીતરાગના વાડામાં આવ્યો, તો વીતરાગ સર્વજ્ઞદેવ મોક્ષનો શું ઉપાય કહે છે તે સાંભળ ! ને અંદર સમજ. જે જીવ આવો મોક્ષમાર્ગ જાણે છે તે જીવ ફરીને બીજી માતાને ધારણ કરતો નથી. કેમ કે વસ્તુના સ્વભાવમાં ભવ નથી એવી વસ્તુનો ભરોસો કર ને ભવની શંકા રહે એમ બને નહિ. વસ્તુમાં ભવ નથી, ને તે વસ્તુના શ્રદ્ધા-જ્ઞાન કરે તેને વિશેષ ભવ રહે જ નહિ. માટે કહ્યું કે જે જીવ ભગવાનનો આ ઉપદેશ જાણે છે તે નવી માતાના ઉદરમાં આવતો નથી.

વીતરાગની આવી અનેકાંત નીતિને જાણીને ચૈતન્યના શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા પ્રગટ કરીને ભવ્ય જીવ નવી માતાના પેટે અવતરતા નથી.

હવે પાંચમી ગાથામાં વ્યવહાર સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે. વ્યવહાર સમ્યગ્દર્શન પણ જેને નથી તેને તો પરમાર્થ સમ્યગ્દર્શન હોય જ નહિ. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુને જે ઓળખે નહિ ને બધા દેવ-શાસ્ત્ર-ગુરુ સાચા એમ જે માને છે તે જીવને તો વ્યવહાર સમ્યક્ત્વ પણ નથી, તે તો વિનય મિથ્યાદૃષ્ટિ છે. માટે અહીં વ્યવહાર સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે.

રે આપ્ત–આગમ–તત્ત્વની શ્રદ્ધાથી સમકિત હોય છે;
નિઃશેષદોષવિહીન જે ગુણસકલમય તે આપ્ત છે. ૫.

અર્થ:—આપ્ત, આગમ અને તત્ત્વોની શ્રદ્ધાથી સમ્યક્ત્વ હોય છે. જેના અશેષ (સમસ્ત) દોષો દૂર થાય છે એવો જે સકલગુણમય પુરુષ તે આપ્ત છે. ૫.

સાચા દેવ કેવા હોય? તેમણે કહેલાં શાસ્ત્ર કેવા હોય ને કહેલાં તત્ત્વો કેવા હોય?—તેનું જેને શ્રદ્ધાન છે ને તે સિવાય બીજા કોઈને માનતો નથી, તે જીવને વ્યવહાર સમ્યક્ત્વ છે. આ વ્યવહાર સમ્યક્ત્વ તે રાગ છે—પુણ્ય છે. પરમાર્થ સમ્યક્ત્વ તો અંદરના ચૈતન્યસ્વભાવની શ્રદ્ધામાં છે. વ્યવહાર સમ્યક્ત્વ તો કોથળા જેવું છે. માલ લેવા જાય ત્યાં કોથળો ભેગો હોય ખરો, પણ કોથળો જુદો છે ને માલ જુદો છે. તેમ વ્યવહાર સમ્યક્ત્વમાં દેવ-શાસ્ત્ર-ગુરુ ને નવ તત્ત્વોની શ્રદ્ધા હોય છે, તે તો શુભરાગ છે, ને પરમાર્થ સ્વભાવની શ્રદ્ધા તે રાગરહિત છે, તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. (ક્રમશઃ)

[ગુરુવચનો......પેજ ૯ થી ચાલુ]

આત્મા શુદ્ધ ચૈતન્યપ્રકાશની મૂર્તિ છે. સૂર્યનો પ્રકાશ જડ છે. આત્મામાં તો ચૈતન્યનૂરનાં પૂર ભર્યાં છે. અહા! એણે જોવાનું છે અંદર આત્મામાં. આત્માના અંદર દર્શન કરતા, આત્માની સમીપ જતાં ભ્રાંતિનો નાશ થઈને પર્યાયમાં શુદ્ધાત્મ પ્રકાશ પ્રગટ થાય છે. રાગનો અંધકાર હતો તેની જગ્યાએ શુદ્ધાત્મતત્ત્વની દૃષ્ટિ થઈ એટલે શુદ્ધાત્મતત્ત્વ જેવું છે તેવો પ્રકાશ પર્યાયમાં આવ્યો. એમ થતાં એની દશામાં આનંદ ને શાંતિ આવે છે.

પ્રશ્ન:—પણ આનું કોઈ બીજું સાધન હશે કે નહિ?

ઉત્તર:— શુદ્ધાત્મતત્ત્વની દૃષ્ટિ કરવી તે એક જ સાધન છે. બીજાં બધાં થોથાં સાધન છે.

—૦—

# સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ સુધીના બધાય આનંદદાયક ફળ આત્મજ્ઞાન વડે પમાય છે

(શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવનું પ્રવચન)

[ પ્રવચન-૨૨ મું ]

આ યોગસાર શાસ્ત્ર છે. તેમાં ૬૨ મી ગાથા ચાલે છે.

નિજને નિજથી જાણતાં, શું ફળ પ્રાપ્ત ન થાય?
પ્રગટે કેવળજ્ઞાન ને શાશ્વત સુખ પમાય. ૬૨.

આ યોગસારમાં બહુ સારમાં સાર વાત છે. પુણ્ય-પાપના વિકાર અને શરીરાદિથી રહિત આત્મા આનંદનો કંદ છે. વિકાર તે આસ્રવ તત્ત્વ છે, દેહાદિ તે અજીવ તત્ત્વ છે અને આત્મા પોતે જીવતત્ત્વ છે. એ જીવતત્ત્વમાં છે શું?—કે આત્મામાં જ્ઞાન, આનંદ, શાંતિ, વીર્ય, પ્રભુતા, વિભુત્વ, સ્વચ્છત્વ, પ્રકાશ આદિ અનંત ગુણો છે. એવા આત્માને આત્માથી એટલે કે પોતાને પોતાથી જાણવો તે જ મોક્ષમાર્ગ છે.

અહીં બહુ ટૂંકી અને સારમાં સાર વાત કરી છે. વિકાર રહિત નિજ આત્માનો વિકાર રહિત નિજ પરિણતિથી-પર્યાયથી અનુભવ કરવો તે મોક્ષમાર્ગ છે. એ એક જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ છે જ નહિ. ભગવાન આત્મા અર્થાત્ નિજ પરમાત્મા ઉપર દૃષ્ટિ કરીને પર્યાયમાં તેના અનુભવ કરતાં શું ફળ પ્રાપ્ત ન થાય? વચ્ચે મતિ-શ્રુતજ્ઞાનની વિશેષતા પ્રગટે, અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય અને ક્રમે ક્રમે એ અનુભવ વધતાં વધતાં કેવળજ્ઞાન થાય. શું ફળ પ્રાપ્ત ન થાય? બધું જ થાય. અનુભવની સાથે વ્રત-તપ આદિના શુભવિકલ્પ હોય, તેનું જ્ઞાન કરાવ્યું છે પણ એ કાંઈ મોક્ષમાર્ગ નથી. સ્વભાવનું સાધન તો સ્વભાવ જ છે. સર્વજ્ઞ વીતરાગ સ્વભાવી આત્માનું વીતરાગી પર્યાય દ્વારા જ જ્ઞાન થઈ શકે, અનુભવ થઈ શકે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગી પર્યાય જ મોક્ષમાર્ગ છે.

આત્માનો અનુભવ કરતાં શું ફળ ન પ્રાપ્ત થાય? બધું જ થાય. પહેલું તો અતીન્દ્રિય આનંદનું વેદન થાય પહેલું ફળ જ આનંદ છે. કેમ કે પોતે અતીન્દ્રિય આનંદનો ઢગલો છે, પુંજ છે. તેમાંથી આનંદ જ આવે. વળી એ આનંદ કેવો છે?– કે જેવો અરિહંત અને સિદ્ધ ભગવાનને આનંદ છે તે જ જાતનો આનંદ ધર્મીને અનુભવમાં આવે છે. તે અનુભવનો આનંદ એવો છે કે તેની પાસે ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ ધર્મીને સડેલાં તરણા જેવા લાગે છે. ૯૬૦૦૦ રાણી હોય, રાજપાટ હોય, ૩૨૦૦૦ મુકુટબંધી રાજા જેની

નીચે હોય અને પોતે ખમ્મા....ખમ્મા થતો હોય છતાં ધર્મી જાણે છે કે અરે! મારો આનંદ તો મારી પાસે છે, મારા આનંદ પાસે આ વૈભવની પણ કાંઈ કિંમત નથી.

સમકિતી ગૃહસ્થ હો કે આત્મજ્ઞાની મુનિ હો પણ તેના અનુભવના કાળમાં દરેકને પોતાની બધી શક્તિઓની વ્યક્તતા અંદર પ્રગટ થાય છે. ભગવાન આત્માના ગુણોના ભાવની અચિંત્યતા તો અપાર છે પણ ગુણોની સંખ્યા પણ અનંત, અચિંત્ય અને અપાર છે. એ અનંત ગુણોના ધારક નિજ આત્માનો અનુભવ થતાં સમયે સમયે અનંતા ગુણોની અનંતી પર્યાયમાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે.

જેની આંખો હીરાનું પારખું કરે તે જ ઝવેરી કહેવાય. તેમ જે વીર્ય આત્માના સ્વરૂપને રચે તે જ વીર્ય કહેવાય અને જે જ્ઞાન આત્માને જ્ઞેય બનાવે તેને જ જ્ઞાન કહેવાય. સમજાણું કાંઈ! આ તો અગમ્યને ગમ્ય કરવાની વાતો છે બાપુ!

મોક્ષમાર્ગનું સાધકપણું અસંખ્ય સમય જ હોય છે અને તેનું ફળ અનંતસમયનું છે. આહાહા! એક શ્લોકમાં પણ કેટલું ભરી દીધું છે! જંગલમાં વસતાં એક યોગીન્દ્રદેવ પોકાર કરે છે કે પોતાને પોતાથી જાણતાં શું ફળ ન મળે? અનુભવના આનંદથી માંડીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને કેવળજ્ઞાન બધું જ મળે.

અનુભવનું પહેલું ફળ તો અતીન્દ્રિય આનંદનું વેદન કહ્યું. હવે બીજું ફળ કહે છે કે વીર્યમાં ઉલ્લાસ આવે છે કે હું હવે સ્વરૂપની પૂર્ણ રચનાનું કામ કરી શકીશ. વીર્ય ઉછળ્યું તે હવે પૂર્ણ કેવળજ્ઞાન લેશે. ઉલ્લસિત વીર્ય જ કેવળજ્ઞાનનું અધિકારી છે. પામર વીર્ય કેવળજ્ઞાન લઈ શકે નહિ. ઉલ્લસિત વીર્ય એટલે શું?–કે જે શક્તિમાં વીર્ય ગુણ છે તે અનુભવ થતાં પર્યાયમાં વ્યક્ત થયો કે હવે હું કેવળજ્ઞાન લઈને જ રહીશ. અલ્પકાળમાં હું સિદ્ધપદને પ્રાપ્ત કરીશ—એમ એનું વીર્ય ઉછાળા મારે છે. તેને એમ ન થાય કે અરેરે! હવે શું થશે? કેવળજ્ઞાન સુધી કેમ પહોંચાશે?—એવું હીનવીર્ય ન હોય. દ્રવ્ય છે તે કદી પડીને અદ્રવ્ય ન થાય, તેમ જાગેલું વીર્ય કદી પાછું ન પડે. ક્ષયોપશમ સમ્યગ્દર્શન હોય તો ક્ષાયિક લ્યે અને ક્ષાયિક હોય તો શુક્લધ્યાન લ્યે અને શુક્લધ્યાન હોય તો કેવળજ્ઞાન લ્યે.

આત્માના શુદ્ધ મહિમાવંત દ્રવ્યસ્વભાવને અનુભવતાં વીર્ય એવું ઉછળીને કામ કરે છે કે જ્ઞાનની વૃદ્ધિ શ્રદ્ધાની શુદ્ધતા, ચારિત્રની સ્થિરતા, આનંદની વૃદ્ધિ, સ્વચ્છતાની વૃદ્ધિ, પ્રભુતાની ઉગ્રતા આદિ બધી પર્યાયોમાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે. અનુભવ થતાં વીર્યનું વીરપણું જાગૃત થાય છે. અલ્પકાળમાં વિકલ્પ તોડીને નિર્વિકલ્પતા પ્રાપ્ત કરનારું એ વીર્ય છે.

હવે અનુભવના બીજાં પણ ફળ કહે છે કે અનુભવ થતાં પાપકર્મનો અનુભાગ ઘટી જાય અને પુણ્યકર્મનો રસ વધી જાય છે તથા આયુકર્મ સિવાય બધાં કર્મોની

સ્થિતિ ઘટતી જાય છે. મોક્ષમાર્ગ પ્રગટ થઈ ગયો તેને સંસારની સ્થિતિ કેમ વધે? ન જ વધે, ઉલટી તે ઘટતી જાય. અનુભવ થાય તે જ ભવમાં કેવળજ્ઞાન સુધીનો પુરુષાર્થ ન ઉપડે તો આયુષ્ય પુરું થયે દેવ થાય. ત્યાંથી ચ્યવીને ઉત્તમ મનુષ્ય થાય. એવા એકાદ-બે ભવ કરવા પડે તોપણ તેને રાગની મંદતા છે અને પુરુષાર્થ ચાલુ છે તેથી વૃદ્ધિ જ કરતો જાય છે.

આત્માનુભવના ફળમાં શ્રુતકેવળી થાય, ભલે ૧૨ અંગનું જ્ઞાન ન હોય પણ શાસ્ત્રના ભણતર વગર આત્માના ભણતરથી શ્રુતકેવળી થાય. અનુભવની જાત જ એવી છે કે અંદરથી આગળ વધતાં શ્રુતકેવળી થઈ જાય. વળી આત્માનુભવના ફળમાં શુદ્ધિની તો વૃદ્ધિ થાય પણ સાથે પુણ્ય બંધાય તેના ફળમાં બહારની સગવડતાઓ પણ પ્રાપ્ત થાય છે. સ્વર્ગ, ચક્રવર્તી આદિના ભવો પુણ્યના ફળમાં અનુભવીને જ પ્રાપ્ત થાય છે.

જેમ કેરી વાવે તો પહેલાં ડાળાં-પાંદડા થાય અને પછી કેરીનું ફળ પાકે તેમ આત્માનો અનુભવ થતાં પહેલાં શુભરાગના ફળમાં સ્વર્ગ, ચક્રવર્તી આદિના સુખો પ્રાપ્ત થાય અને પછી પૂર્ણાનંદ- કેવળજ્ઞાનનું સુખ પ્રાપ્ત થાય. એ રીતે બીજો દાખલો પણ છે કે ચક્રવર્તીના ઘર તરફનો રસ્તો પણ કોઈ જુદી જાતનો વૈભવયુક્ત હોય. તે રસ્તેથી ચાલનાર વચ્ચે થોડો આરામ પણ લે. તેમ મોક્ષમાર્ગથી નિર્વાણ પહોંચવા માટે આત્માનુભવની સુખદાયી સડક ઉપર જ્ઞાની ચાલે છે. મોક્ષરૂપી મહેલે પહોંચતા પહેલાં પણ અનુભવી સુખરૂપી સડકે ચાલે, તેને દુઃખ નથી. વચ્ચે સ્વર્ગ આદિ અનુકૂળ સંયોગો પામીને અંતે મોક્ષમહેલમાં પહોંચી જાય છે અને આઠેય કર્મોનો નાશ કરીને સિદ્ધદશા પ્રાપ્ત કરે છે

પ્રજા ઉપર રાજાની મીઠી નજર હોય તેમ શિષ્યો ઉપર ભગવાનની મીઠી નજર હોય. ભગવાન કહે છે કે ચૈતન્યરત્નથી ભરેલાં રત્નાકર ઉપર જે દૃષ્ટિ કરશે તે બધાં ભગવાન થશે. કુંદકુંદ આચાર્ય મહાવિદેહમાં ભગવાન સીમંધરનાથના સમવસરણમાં ગયેલાં, ત્યાં દિવ્યધ્વનિમાં આચાર્યને આશીર્વાદ મળેલાં. જુઓ! આચાર્ય માટે ભગવાનની વીતરાગી વાણીમાં આવ્યું કે આ ભરતક્ષેત્રના ધર્મ ધુરંધર આચાર્ય છે – આમ ભગવાનના કુંદકુંદ આચાર્યદેવને આશીર્વાદ મળ્યા. આચાર્યદેવ અત્યારે દેવલોકમાં છે, પછી પુરુષાર્થ ઉપાડી મોક્ષે જશે.

આત્માનું ધ્યાન કરતાં વીર્ય ફાટતાં અનંત કેવળજ્ઞાન પ્રગટ કરવાની શક્તિ ખીલી ઉઠે છે.–એમ અહીં કહ્યું. હવે ૯૩મી ગાથામાં કહે છે કે પરભાવનો ત્યાગ તે સંસારના ત્યાગનું કારણ છે.

જો પરભાવ તજી મુનિ, જાણે આપથી આપ,
કેવળજ્ઞાન સ્વરૂપ લહી, નાશ કરે ભવતાપ. ૯૩.

અહોહો!! મુનિરાજે એકલું માખણ ભર્યું છે.

અહીં ત્યાગધર્મની મુખ્યતા બતાવે છે. ત્યાગ એટલે વિકલ્પોનો પરભાવોનો ત્યાગ. જે કોઈ ધર્માત્મા શુભાશુભ રાગાદિ પરભાવોનો ત્યાગ કરી પોતાને પોતા વડે જાણે તે કેવળજ્ઞાનરૂપી પ્રકાશ પ્રાપ્ત કરી ભવાતાપનો નાશ કરે છે.

જેણે ધર્મ કરવો છે તેણે સૌ પ્રથમ તો કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુની શ્રદ્ધા છોડવી જોઈએ. રાગ-દ્વેષવાળા દેવો, પરિગ્રહધારી આત્મજ્ઞાન રહિત કુજ્ઞાની ગુરુ તથા ખોટા શાસ્ત્રોની મહિમા અને ભક્તિ છોડવી જોઈએ તથા હિંસા, જૂઠું, ચોરી, શિકાર, પરસ્ત્રીસેવન, વેશ્યા, જુગાર આ સાત પ્રકારના વ્યસનનો પણ ત્યાગ કરવો જોઈએ. અન્યાય કાર્યો પ્રત્યે ગ્લાનિ હોવી જોઈએ. આ રીતે કુદેવાદિની શ્રદ્ધા વગેરેનો ત્યાગ કરી વીતરાગ પરમદેવ, નિર્ગ્રંથગુરુ તથા અનેકાંત વસ્તુને બતાવનારા શાસ્ત્રોની શ્રદ્ધા કરવી જોઈએ, ભક્તિ કરવી જોઈએ, મનન કરવું જોઈએ. સત્ દેવ-શાસ્ત્ર-ગુરુની સાચી શ્રદ્ધા કરે અને આત્માની ઓળખાણ કરે ત્યારે અનંતાનુબંધી કર્મ તથા મિથ્યાત્વનો નાશ થાય અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો લાભ થાય. સ્વરૂપને ઓળખી તેમાં સ્થિરતા થવી તે સમ્યક્ચારિત્ર છે.

સમ્યગ્દર્શન થતાં પરભાવ, મિથ્યાત્વ, અનંતાનુબંધી આદિનો નાશ થઈ સ્વરૂપની દૃષ્ટિ-જ્ઞાન ને રમણતા–સ્વરૂપમાં લીનતારૂપ સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થાય છે. આ રીતે સમ્યક્દર્શન થતાં ગ્રહણ ને ત્યાગ બંને થઈ જાય છે. નિત્યાનંદ સ્વભાવી નિજ આત્માનું ધ્યાન કરતાં નિમિત્તના લક્ષે થતાં પુણ્ય-પાપના અનિત્ય ભાવોનો નાશ થઈ જાય છે.

"હમ પરદેશી પંખી સાધુ આ રે દેશ કે નાહિજી,
આતમ અનુભવ કરીને અમે, ઉડી જાશું સિદ્ધ-સ્વદેશજી."

વિકલ્પનો દેશ તે અમારો નહિ, પુણ્ય-પાપના ભાવો આત્માના દેશમાં નથી. ભગવાન આત્મા તો અનંત આનંદનો દેશ છે, એ અમારો સ્વદેશ છે. તેમાં અમે જઈશું. જુઓ! આ યોગીન્દ્રદેવ વનજંગલમાં સિંહ-વાઘની ત્રાડોનું લક્ષ પણ છોડીને, નિજદેશમાં જઈને આ વાત લખે છે. અહો! તારા સ્વરૂપમાં અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે. અનંતી સિદ્ધપર્યાયનો તું પિંડ છો. આવો નિજ ભગવાન જેના અનુભવમાં આવ્યો તેને મુનિરાજ કહે છે કે હવે તારે શું બાકી રહ્યું? અનુભવ થતાં બધું જ મળી ગયું. સ્વદેશનો સ્વામી થઈ ગયો. પુણ્ય-પાપના ભાવને પોતાના માનનારો તો પરદેશી છે.

એક પોતાના પરમપારિણામિકભાવરૂપ જીવત્વસ્વરૂપ કારણપ્રભુમાં એકત્વ કરી. અનુભવ કરવો તે સદાને માટે આનંદ અમૃતનું પાન કરાવનારો મોક્ષમાર્ગ છે. એ મોક્ષમાર્ગ પ્રગટ થયાં પછી બહારમાં ગમે તેવાં ઉપસર્ગો આવે, ઘાણીમાં પીલાય તે

[અનુસંધાન માટે જુઓ પેજ નં. ૨૪]

# વૈરાગ્યજનની : બાર ભાવના

શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

આત્મા દેહથી ભિન્ન તત્ત્વ છે, તે આત્માએ સુખી થવા માટે શું કરવું ? તેની આ વાત છે. આત્મા અનાદિ અનંત ચીજ છે, તે કદી નવો થયેલો નથી; અનાદિથી પોતે પોતાના સ્વભાવને ભૂલીને આ સંસારમાં પરિભ્રમણ કરે છે. પોતે ચૈતન્યસ્વભાવમય વસ્તુ છે; જો પોતાને પોતાના સ્વભાવની કિંમત થાય તો સંયોગી ચીજમાં પોતાનું સુખ ન માને. હું આત્મા છું ને મારી શાંતિ મારામાં છે. સંયોગી ચીજો તો મારે માટે નિરર્થક છે, તે બહારની ચીજમાંથી તો પોતામાં કાંઈ આવતું નથી, પણ પોતાના સ્વભાવને અનાદિ કાળથી એક સેકંડ પણ જાણ્યો નથી તેથી શરીરમાં–સ્ત્રીમાં –લક્ષ્મીમાં વગેરેમાં સુખની કલ્પના કરી છે. પણ પોતાનું સુખ બહારમાં કદી હોય નહિ. તેનું અજ્ઞાનીને ભાન નથી. ચૈતન્યને મૂકીને અજ્ઞાની જીવ પરમાં સુખ-દુઃખની કલ્પના કરે છે, તે કલ્પના આત્માનું વાસ્તવિક સ્વરૂપ નથી, તે કલ્પના કાઢી નાખો તો આત્માનો સહજ જ્ઞાનસ્વભાવ એકલો રહી જાય છે. તે સ્વભાવમાં સુખ છે. સ્વભાવને ભૂલીને જીવ અનાદિ કાળથી મિથ્યાત્વને લીધે ચાર ગતિમાં જે ભ્રમણ કરી રહ્યો છે તેનું નામ સંસાર છે. ધર્મી જીવ જાણે છે કે મારા જ્ઞાન–આનંદ સ્વભાવમાં જ મારું સુખ છે. આત્મા કાયમ રહેનારો છે, ને શરીરના સંયોગ તો નવા નવા બદલાયા કરે છે, તે શરીરમાં મારું સુખ નથી—આવા ભાનપૂર્વક ધર્મી જીવ સંસાર-ભાવના ભાવે છે, તેનું આ વર્ણન છે.

જગતના બધા જીવો સુખને ઈચ્છે છે, પણ સુખનો ઉપાય ઈચ્છતા નથી, અને દુઃખને ઈચ્છતા નથી પરંતુ દુઃખના ઉપાયમાં–મિથ્યાત્વાદિમાં નિરંતર લાગ્યા રહે છે. સુખનો ઉપાય તો આત્માની સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન કરીને તેમાં એકાગ્ર થવું તે જ છે, તેને બદલે અજ્ઞાની જીવ બાહ્ય પદાર્થ મેળવીને તેનાથી સુખી થવા માગે છે પણ બહારના પદાર્થની ઈચ્છા તે જ દુઃખ છે. જે સુખી હોય તે પરને મેળવવા કેમ ઈચ્છે ? માટે જેને ચૈતન્યનું ભાન નથી, ને સંયોગમાં સુખ માની રહ્યા છે તેવા જીવોને સંસારમાં ક્યાંય સુખ નથી. આત્માના જ્ઞાનાનંદસ્વભાવ સિવાય પરમાં ક્યાંય પણ સુખ છે એવો અભિપ્રાય ધર્મીને હોતો નથી.

સંસારમાં અજ્ઞાની જીવોએ સંયોગમાં સુખ કલ્પ્યું છે, પણ તેને સંયોગ પણ ઈચ્છા પ્રમાણે પૂરા મળતા નથી, તે વાત ચાલે છે.

अथ नीरोगः देहः तत् धनधान्यानां नैव सम्प्राप्तिः ।
अथ धनधान्यं भवति खलु तत् मरणं झगिति ढौकते ।।५२।।

અર્થ :— જો કોઈને નીરોગી દેહ હોય તો ધન-ધાન્યની પ્રાપ્તિ હોતી નથી અને જો ધન-ધાન્યની પ્રાપ્તિ થઈ જાય છે તો (કદાચિત) તુરત મરણ પણ થઈ જાય છે. પર.

ચૈતન્યમાં સુખ છે તેને જે પ્રાણી માનતો નથી તે પ્રાણી દુઃખી થઈને ચાર ગતિમાં રખડયા કરે છે. સ્વભાવમાં સુખ ભર્યું છે તેને ન સ્વીકારે ને સંયોગમાં સુખ લેવા માગે છે તેને પરમાંથી સુખ કદી પણ આવવાનું નથી. પરમાં આત્માનું સુખ છે જ નહિ.

કોઈને લાખોની લક્ષ્મી પ્રાપ્ત થાય ને તરત આયુષ્ય પૂરું થઈ જાય; શાંતિ તો ચૈતન્યમાં છે, ને ચૈતન્યનો કદી વિરહ પડતો નથી. લક્ષ્મી મળે ને જીવતો રહે તોપણ તેને ભોગવવાની આકૂળતા તે દુઃખ જ છે. આશાવંત પ્રાણી દુઃખી છે. જેણે ચૈતન્યસ્વભાવની પૂર્ણતાની ભાવના ભાવી છે તેણે પરની આશાને દૂર કરી છે, તેને સાચી શાંતિ અને સુખ છે.

कस्य अपि दुष्टकलयत्रं कस्य अपि दुर्व्यसनव्यसनिकः पुत्रः ।
कस्य अपि अरिसमबन्धुः कस्य अपि दुहिता अपि दुश्चरित्रा ।।५३।।

અર્થ :— આ મનુષ્યભવમાં કોઈને સ્ત્રી દુરાચરણી છે, કોઈને પુત્ર જુગાર આદિ દુર્વ્યસનોમાં લવલીન છે, કોઈને શત્રુ સમાન કલહકારી ભાઈ છે તો કોઈને પુત્રી દુરાચરણી છે. ૫૩.

મનુષ્યભવ પામીને જેઓ તીવ્ર દુરાચરણ કરે છે તેવા જીવો મરીને નરકમાં જાય છે. જે તીવ્ર માયાકપટ કરે તેવા જીવો તિર્યંચ થાય છે. અજ્ઞાની જીવ ચિદાનંદ આત્માને ચૂકીને બહારના સંયોગમાં એકત્વબુદ્ધિ કરે છે તે જ દુઃખનું મૂળ કારણ છે. જેણે સત્ સમાગમે શ્રવણ-મનન કરીને અંદરમાં ચૈતન્યનું ભાન અને એકાગ્રતા કરી છે તેને દુઃખ હોતું નથી. અહો! સુખ તો મારા અંતર્મુખ સ્વરૂપમાં છે, બહારમાં મારું સુખ નથી, ને બહિર્મુખ લાગણીઓમાં પણ મારું સુખ નથી – આવો યથાર્થ નિર્ણય પણ જીવે કદી કર્યો નથી. જો યથાર્થ નિર્ણય કરે તો અંદર સ્વરૂપમાં એકાગ્રતા થઈને સંસારથી મુક્તિ થયા વિના રહે નહિ.

મોટો રાજા હોય ને અંદર ઘરની રાણી જ મહા દુરાચરણી થાય, ને એવી ધમકી આપે કે જો અમને કાંઈ કહેશો તો ઝેર આપીને મારી નાખીશ! સંસારમાં રખડતાં જીવને આવા પ્રસંગો અનંતવાર આવી ગયા છે. સંસારના સંયોગોમાં ક્યાંય શાંતિ નથી. અનુકૂળ સંયોગો હોય તો તેમાં પણ સુખ નથી. સગો ભાઈ સગા ભાઈનું માથું કાપી નાખે એવું પણ સંસારમાં બને છે. આ જાણીને અંદર ચૈતન્યની ભાવના

ભાવવા માટેનું આ વર્ણન છે. સંયોગનો વિશ્વાસ કરે છે પણ ચિદાનંદ આત્માના સુખનો વિશ્વાસ કરતો નથી.

હું ત્રિકાળ શુદ્ધ ચિદાનંદ આત્મા છું, મારા સ્વભાવમાં દુઃખ નથી – એવી જેને અંતરમાં નિઃશંક શ્રદ્ધા થઈ છે તે જીવ આખા સંસારને દુઃખરૂપે વિચારે છે. નરક કે સ્વર્ગ, પ્રતિકૂળતા કે અનુકૂળતા – તેમાં ક્યાંય મારું સુખ નથી, મારું સુખ મારા ચૈતન્યસ્વભાવની ભાવના કરીને તેમાં એકાગ્રતા કરું તો પ્રગટે છે. શરીરમાં રોગ થાય છે, જ્યાં શરીરમાં પણ પોતાનું ધાર્યું થતું નથી, તો પર સંયોગને હું ફેરવું – એ તો તદ્દન મિથ્યાબુદ્ધિ છે. પર જીવને હું બચાવી દઉં એમ અજ્ઞાની માને છે તેને પરનો અહંકાર ટળતો નથી ને સ્વભાવની દૃઢતા થતી નથી, ધર્મી તો જાણે છે કે ક્યાંય પણ સંયોગમાં ફેરફાર કરવાની મારી તાકાત નથી, હું તો જ્ઞાન અને દર્શન સ્વરૂપ છું, જગતની બધી ચીજો મારું દૃશ્ય છે, ને હું તો દૃષ્ટા છું; પણ ક્યાંય ફેરફાર કરી દઉં એવું મારું સ્વરૂપ નથી, ને સંયોગોના ફેરફારથી મને સુખ કે દુઃખ નથી, પરથી ભિન્ન ને પુણ્ય–પાપથી છૂટો એવો મારો જ્ઞાનાનંદ સ્વભાવ છે, તેમાં જ મારું સુખ છે. આવી પ્રતીત કરીને ચૈતન્યની ભાવના કરવી તે જ સુખનો ઉપાય છે.

મારું સુખ મારા આત્મામાં જ છે. એ સિવાય પુણ્ય–પાપમાં કે જગતના કોઈ સંયોગોમાં મારું સુખ નથી, આમ જ્યાં સુખી આત્માના સુખનો વિશ્વાસ ન આવે ત્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી, ને ભવભ્રમણ ટળતું નથી.

**कस्य अपि म्रियते सुपुत्रः कस्य अपि वनिता विनश्यते इष्टा ।**
**कस्य अपि अग्निप्रलिप्तं गृहं कुटुंबं च दह्यति ॥५४॥**

અર્થ:— કોઈનો તો સારો પુત્ર હોય તે મરી જાય છે, કોઈને ઈષ્ટ સ્ત્રી હોય તે મરી જાય છે તો કોઈને ઘર-કુટુંબ સઘળું અગ્નિ વડે બળી જાય છે. ૫૪.

પ્રતિકૂળ સંયોગ બતાવીને અહીં સંસારના દુઃખનું વર્ણન કર્યું છે ત્યાં ખરેખર કાંઈ સંયોગનું દુઃખ નથી, પણ ચૈતન્યસુખનો વિશ્વાસ મૂકીને સંયોગની ભાવના કરે છે તેથી તે જીવ પોતાની આકુળતાથી જ દુઃખી થાય છે. ચૈતન્યનો બેહદ સ્વભાવ છે તેને ચૂક્યો એટલે સંયોગમાં સુખ માનીને અનંતાનુબંધી કષાય થયો. તેના ફળમાં સંસારમાં આવા આવા પ્રસંગો થાય છે ધર્મી જીવ પોતાના ચૈતન્યને પરથી પૃથક્ જાણીને સ્વભાવની ભાવના ભાવે છે. સ્વભાવની દૃષ્ટિપૂર્વક તે સંસારનું સ્વરૂપ કેવું દુઃખમય છે તે વિચારીને પોતાના વૈરાગ્યની વૃદ્ધિ કરે છે, તેથી આ ભાવના ભવ્ય જીવોને આનંદની જનની છે.

આત્મા અને પર ચીજ ભિન્ન ભિન્ન પૃથક્ છે, તો એક બીજાનું શું કરે? જુઓ બે આંગળી છે તેનું કાર્ય એક છે કે જુદું? જો બન્નેનું કાર્ય જુદું ન હોય તો તે

આંગળી 'બે' ન રહે, પણ એક થઈ જાય! પણ બન્ને આંગળી ભિન્ન છે, ને બન્નેનું કાર્ય પણ ભિન્ન છે. જો એમ ન માનો તો બે આંગળીનું અસ્તિત્વ જ સિદ્ધ ન થાય. તેમ જીવ અને દેહ બન્ને પૃથક્‌વસ્તુઓ છે, જગતની અનંત વસ્તુઓ છે તે બધી પૃથક્ પૃથક્ છે, ને તે દરેકનું પોતપોતાનું કાર્ય પણ ભિન્ન ભિન્ન છે, આમ ભિન્નપણું નક્કી કરે તો સંયોગથી મને સુખ-દુઃખ છે એવી મિથ્યાબુદ્ધિ ઊડી જાય ને ચૈતન્યના સ્વભાવ-સુખની દૃઢતા થાય.

જુઓને! કોઈને જુવાન દીકરો મરી જાય, કોઈને સ્ત્રી મરી જાય, કોઈને ઘરબાર બધું ક્ષણમાં ભસ્મ થઈ જાય. એમાં જીવનું કાંઈ ધાર્યું થાય નહિ. ઉંદર ખાઈ જાય, ચોર આવીને ચોરી જાય, અગ્નિમાં બળી જાય—એ બધુંય જીવો સહન કરે છે, પણ પોતે રાગ ઘટાડીને ધર્મના કામમાં લક્ષ્મી વાપરવી હોય તો ત્યાં ઉલ્લાસ આવતો નથી!! અનેક પ્રકારે લક્ષ્મી ચાલી જાય છે, લક્ષ્મી વગેરેનો સંયોગ કાંઈ કાયમ રહેતો નથી, ચિદાનંદ સ્વભાવ શાશ્વત છે તે જ મારા સુખનું કારણ છે એમ સમજીને ધર્મપ્રભાવના વગેરે નિમિત્તે ધર્મી જીવ લક્ષ્મી વગેરેનો રાગ ઘટાડે છે.

**एवं मनुजगत्यां नानादुःखानि विसहमानः अपि ।**
**न अपि धर्मे करोति मतिं आरम्भं नैव परित्यजति ।। ५५ ।।**

અર્થઃ—ઉપર પ્રમાણે મનુષ્યગતિમાં નાના પ્રકારનાં દુઃખોને સહવા છતાં પણ આ જીવ સદ્ધર્મમાં બુદ્ધિ કરતો નથી અને પાપારંભને છોડતો નથી.

બહારના સંયોગ વિયોગ તો પૂર્વના પ્રારબ્ધ અનુસાર મળે છે, છતાં અજ્ઞાની જીવ ત્યાં પોતાનો પુરુષાર્થ માને છે, અને ધર્મ કરવામાં પોતાનો વર્તમાન પુરુષાર્થ છે તેમાં પુરુષાર્થ કરતો નથી. અરે ભાઈ! સંયોગ-વિયોગ તો પૂર્વના પ્રારબ્ધ અનુસાર થાય છે, અને ધર્મ તો તારા વર્તમાન પુરુષાર્થથી થાય છે માટે ધર્મમાં તારી બુદ્ધિને જોડ! મનુષ્યપણામાં અનેક પ્રકારના દુઃખો સહન કરવા છતાં મૂઢ જીવો ત્યાંથી વૈરાગ્ય પામીને સદ્ધર્મમાં બુદ્ધિ જોડતા નથી. જુઓ અહીં "સદ્ધર્મમાં બુદ્ધિ જોડવાનું કહ્યું—" તો તેમાં પોતાનો પુરુષાર્થ છે ને?

પ્રશ્ન :—પણ ધર્મમાં સૂઝે પડતી નથી?

ઉત્તરઃ—શું નથી સૂઝતું? "નથી સૂઝતું" એમ કોણે નક્કી કર્યું? "સ્વભાવ છે પણ તે સૂઝતો નથી" એમ કહ્યું તો તેમાં સ્વભાવનો ખ્યાલ તો આવે છે, પણ પોતે અંતર્દષ્ટિ કરીને તેનો વિશ્વાસ કરતો નથી. ચૈતન્યમાં ક્ષણિક સંકલ્પ-વિકલ્પ અજ્ઞાનીને ભાસે છે, પણ તે સંકલ્પ વિકલ્પ વખતે ધ્રુવસ્વભાવ પડયો છે તે સ્વભાવનો વિશ્વાસ પોતે કરતો નથી. માટે સૂઝ પડતી નથી.

જેમ ધૂમાડાના ગોટા આડે આખું વાસણ ન દેખાય, તેમ અજ્ઞાનીને એકલા સંયોગ અને વિકાર આડે ચિદાનંદ ભગવાન ભાસતો નથી. ક્ષણિક પુણ્ય-પાપને તથા સંયોગને જ દેખે છે, પણ અંતર્મુખ દૃષ્ટિ કરીને આત્માના સ્વભાવને દેખતો નથી. માટે કહ્યું કે આવો મનુષ્યભવ પામીને પણ મૂઢ જીવો સદ્ધર્મમાં બુદ્ધિને જોડતા નથી, ને પ્રારંભમાં જ લાગ્યો છે, સત્સમાગમ પામીને અંદરમાં વિચાર કરે તો બધું સમજાય તેવી આ વાત છે. જીવોમાં સમજવાની તાકાત છે તેથી જ સંતો તેને સમજવાનો ઉપદેશ કરે છે. ધર્મી જીવો વિચાર કરે છે કે સુખ મારા સ્વભાવમાં છે, સંયોગમાં ક્યાંય મારું સુખ નથી, આખા સંસાર તરફના વલણવાળો ભાવ તે દુઃખ છે, ને સ્વભાવ તરફનું વલણ કરીને તેમાં એકાગ્ર થવું તે જ સુખ છે. આમ સંસાર-ભાવના ભાવીને ધર્મી જીવ પોતાની શુદ્ધતાની વૃદ્ધિ કરે છે. (ક્રમશઃ)

[ આનંદદાયકફળ... પેજ નં. ૧૯ થી ચાલુ ]

સમયે પણ અંતરમાં મુનિરાજ અતીન્દ્રિય આનંદમાં રમતા હોય છે. કોઈ વેરી દેવ સાધુને લવણસમુદ્રમાં નાખે ત્યાં મુનિરાજ શ્રેણી માંડી કેવળજ્ઞાન લઈ સિદ્ધદશાને પ્રાપ્ત થઈ જાય છે. માટે કહે છે કે એકવાર ચૈતન્યરત્નાકર ઉપર દૃષ્ટિ કરીને અનુભવ કર તો તને શું ફળ નહિ મળે ? અલ્પકાળમાં સિદ્ધ થઈને મુક્તિને પામીશ.

હવે આગળ ૬૪મી ગાથામાં મુનિરાજ કહેશે કે લોકાલોકને પ્રકાશનારા એવા નિજ આત્માને જે અનુભવે છે તેને કેવળજ્ઞાન લેવાની તૈયારી થઈ ગઈ છે. એવા ધર્મી આત્માઓ ધન્ય-ધન્ય છે. અમે મુનિઓ પણ એવા મોક્ષમાર્ગી સાધકોને ધન્ય-ધન્ય કહીએ છીએ.

(ક્રમશઃ)

[ અધ્યાત્મ સંબોધન...પેજ નં. ૬ થી ચાલુ ]
એમ લાગે કે આ બધાંને કેમ પહોંચી વળાય? પણ તેમને કયાં પહોંચવું છે? તેમને કયાં જોવા જવું છે? તારે તો એક અંતરમાં સ્થિર થવાનું છે. તું દ્રવ્ય પર દષ્ટિ કર ને તેમાં સ્થિર થઈ જા. તું તને પહોંચી જા તો સર્વત્ર પહોંચી વળાશે.

એક ચૈતન્યનું પૂર્ણ વેદન, એક ચૈતન્યની પૂર્ણ અનુભૂતિ. તેમાં સર્વની સર્વાંશ અનુભૂતિ થઈ જશે. તેમાં કોઈ જુદા ગુણોની જુદી અનુભૂતિ કરવી પડતી નથી. અનંતની એક અનુભૂતિ છે. તું એકને પહોંચ, બસ! દર્શન-જ્ઞાન-ચારિત્ર—બધાંની અનુભૂતિ થઈ જશે અને સર્વત્ર પહોંચી જવાશે.

અનાદિથી અપરિચિત એવા તે એક જ્ઞાયકભાવને પણ મારાથી કઈ રીતે પહોંચી શકાશે? એવા ઢીલા વિચાર ન કર. ભલે અનાદિથી અપરિચિત હોય, પણ તે એક જ્ઞાયકભાવ છે તો તારો પોતાનો સ્વભાવ ને? માટે તે સરળ છે, સુગમ છે. અનંત કાળથી તેનું લક્ષ કર્યું નથી તેથી દુષ્કર લાગે છે, દુષ્કર છે નહિ.

હતાશ ન થા. તું આત્મસિંહ છે. ગુરુદેવ પુરુષાર્થી જીવનું કેવું વર્ણન કરતા હતા!—

'જે દિશે સિંહ સંચરે, રજું લાગી તરણાં;
તે ખડ ઊભાં સૂકશે, નહિ ચાવે તેને હરણાં.'

—તું તે પુરુષાર્થી સિંહની જાતનો છે. અરે! તું ભગવાન છે. માટે પ્રયત્ન કર. જરૂર સાધ્યસિદ્ધિ થશે.

આ કાંઈ માથા પર બોજો થઈ જાય એવું નથી.

અહા! કેવો સુંદર માર્ગ!
કેવો ચૈતન્યનો માર્ગ!
કેવો ભગવાનનો માર્ગ!
ગુરુદેવે કેવો માર્ગ બતાવ્યો!

—એક દ્રવ્યદષ્ટિ કર. એક સ્વાનુભૂતિ કર. બહારનું કાંઈ કરવાનું

[ અધ્યાત્મ સંબોધન...પેજ નં. ૬ થી ચાલુ ]
એમ લાગે કે આ બધાંને કેમ પહોંચી વળાય? પણ તેમને ક્યાં પહોંચવું છે? તેમને ક્યાં જોવા જવું છે? તારે તો એક અંતરમાં સ્થિર થવાનું છે. તું દ્રવ્ય પર દષ્ટિ કર ને તેમાં સ્થિર થઈ જા. તું તને પહોંચી જા તો સર્વત્ર પહોંચી વળાશે.

એક ચૈતન્યનું પૂર્ણ વેદન, એક ચૈતન્યની પૂર્ણ અનુભૂતિ. તેમાં સર્વની સર્વાંશ અનુભૂતિ થઈ જશે. તેમાં કોઈ જુદા ગુણોની જુદી અનુભૂતિ કરવી પડતી નથી. અનંતની એક અનુભૂતિ છે. તું એકને પહોંચ, બસ! દર્શન-જ્ઞાન-ચારિત્ર—બધાંની અનુભૂતિ થઈ જશે અને સર્વત્ર પહોંચી જવાશે.

અનાદિથી અપરિચિત એવા તે એક જ્ઞાયકભાવને પણ મારાથી કઈ રીતે પહોંચી શકાશે? એવા ઢીલા વિચાર ન કર. ભલે અનાદિથી અપરિચિત હોય, પણ તે એક જ્ઞાયકભાવ છે તો તારો પોતાનો સ્વભાવ ને? માટે તે સરળ છે, સુગમ છે. અનંત કાળથી તેનું લક્ષ કર્યું નથી તેથી દુષ્કર લાગે છે, દુષ્કર છે નહિ.

હતાશ ન થા. તું આત્મસિંહ છો. ગુરુદેવ પુરુષાર્થી જીવનું કેવું વર્ણન કરતા હતા!—

'જે દિશે સિંહ સંચરે, રજું લાગી તરણાં;
તે ખડ ઊભાં સૂકશે, નહિ ચાવે તેને હરણાં.'

—તું તે પુરુષાર્થી સિંહની જાતનો છો. અરે! તું ભગવાન છો. માટે પ્રયત્ન કર. જરૂર સાધ્યસિદ્ધિ થશે.

આ કાંઈ માથા પર બોજો થઈ જાય એવું નથી.

અહા! કેવો સુંદર માર્ગ!
કેવો ચૈતન્યનો માર્ગ!
કેવો ભગવાનનો માર્ગ!
ગુરુદેવે કેવો માર્ગ બતાવ્યો!

—એક દ્રવ્યદષ્ટિ કર. એક સ્વાનુભૂતિ કર. બહારનું કાંઈ કરવાનું

નથી. એક દ્રવ્યદષ્ટિ કરવાની છે. માર્ગનું મૂળ તો તે જ છે. તેમાં બધાં શ્રુતનો સાર આવી જાય છે.

શ્રુતના તળને શોધીને આત્માના તળને—જ્ઞાયકભાવને—શોધી લે. આત્માના તળનો પત્તો લાગતાં શ્રુતનું તળ એમાં આવી ગયું. આત્માના તળનો—જ્ઞાયકભાવનો—આશ્રય મુખ્ય છે; તે થતાં બેડો પાર છે. તેમાંથી જ બધું પ્રગટ થશે. અનંત કાળથી તે આશ્રય જ બાકી રહી ગયો છે.

અહો! અનંત ગુણોથી ગૂંથાયેલો તું એક છો, તે એકને તું પહોંચી જા. તે એકના અવલંબનથી સ્વભાવપરિણતિ થઈ કે આખું ચક્ર સ્વભાવ તરફ વળી ગયું. તારી દષ્ટિ સ્વભાવ તરફ વળી તો બધા ગુણોનું સ્વભાવપરિણમન શરૂ થઈ ગયું. પછી તો તેમાં લીનતા કરતાં કરતાં પૂર્ણતા સુધી પહોંચી જઈશ.


## જૈન વિદ્યાર્થીઓ માટે વિદ્યાભ્યાસની સુંદર સગવડ

શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ (-બોર્ડિંગ) છેલ્લા ૩૨ વર્ષથી અહીં ચાલે છે. તેમાં ધોરણ-૫ થી ધોરણ-૧૨ (હાયરસેકન્ડરી)માં અભ્યાસ કરતાં, વાર્ષિક પરીક્ષામાં પાસ થયેલ, જૈન વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છે. માસિક ભોજનનું લવાજમ રૂા. ૧૨૫) લેવામાં આવે છે. સ્કૂલના અભ્યાસ ઉપરાંત વિદ્યાર્થીઓને દિગંબર જૈન ધર્મનું ધાર્મિક શિક્ષણ પણ આપવામાં આવે છે.

દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ રૂા. ૧-૫૦) ની પોસ્ટની ટિકિટો સાથે તા. ૨૦-૪-૮૪ સુધીમાં પ્રવેશપત્ર અને નિયમો મંગાવી, તે ભરી, વાર્ષિક પરીક્ષાના રીઝલ્ટ (પરિણામ) સાથે તા. ૨૦-૫-૮૪ સુધીમાં પરત મોકલવું.

—મંત્રી
શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

[ જન્મજયંતી–મહોત્સવ...ટાઈટલ પેજ–૨ થી ચાલુ ]

એ પવિત્ર ભૂમિમાં ઊજવીએ એવી અમારી ભાવના સુયોગ્ય છે. પૂ. ગુરુદેવશ્રી પ્રત્યેની નિરપેક્ષ સમર્પણતામાં મુમુક્ષુઓને આત્માર્થ સવિશેષ પોષણ પામે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મજયંતી ગામોગામ ઉત્સાહપૂર્વક ઉજવાય એ ઇષ્ટ છે, પરંતુ સાથે જ તીર્થધામ શ્રી સોનગઢની વિશિષ્ટતા સુરક્ષિતપણે અખંડ રહેવી જોઈએ —એવો ભાવ પ્રત્યેક મુમુક્ષુને હોવાયોગ્ય છે. તત્ત્વપ્રચાર યા તો બીજા કોઈ પણ કારણસર તેની ગૌણતા ન કરી શકાય. જાણ્યે-અજાણ્યે થયેલી એ ગૌણતા મુમુક્ષુ હૃદયને પોષાય નહિ. સરળતાપૂર્વક મુમુક્ષુએ આ સત્યનો સ્વીકાર કરવો જ રહ્યો.

આ પવિત્ર અધ્યાત્મતીર્થધામમાં આત્મશ્રેયાર્થે, વાત્સલ્યભાવે એકત્રિત થવાનો મુમુક્ષુઓને મુખ્ય અવસર હોય તો તે જન્મજયંતી જ છે. સર્વ મુમુક્ષુઓ આત્મહિતાર્થે એ પૂ ગુરુદેવશ્રીની મૂળ સાધનાભૂમિમાં (કર્મભૂમિ સોનગઢમાં) આવે તો તેમને પૂ. ગુરુદેવશ્રી સાથેનાં સંસ્મરણો તાજાં થઈ આત્માર્થ પુષ્ટ થાય; તેથી **પૂ. ગુરુદેવશ્રીની મંગળમય જન્મજયંતી સોનગઢમાં જ ઉજવાવી જોઈએ.** માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીની આ ભાવના સાથે અમે સૌ પૂર્ણ સહમત છીએ.

ઉપરોક્ત હેતુપૂર્ણ અમારી ભાવનાને મૂર્તસ્વરૂપ આપવા માટે ૯૫મી જન્મજયંતી અમારા તરફથી ઉજવાય તેની સંમતિ આપવા માટેની અમારી વિનંતિનો શ્રી સોનગઢના મોવડીમંડળે સ્વીકાર કરી અમારા ઉપર અનુગ્રહ કર્યો છે, તે બદલ અમો તેમના અત્યંત ઋણી છીએ.

તદનુસાર આપણા તારણહાર પૂ. ગુરુદેવશ્રીની ૯૫મી મંગલમય જન્મજયંતીનો આ મંગળ મહોત્સવ વિ. સં. ૨૦૪૦ના ચૈત્ર વદ ૧૩ ને શનિવાર, તા. ૨૮–૪–૮૪ થી વૈશાખ શુદ ૨, બુધવાર, તા. ૨–૫–૮૪ સુધી પાંચ દિવસ શ્રી 'જિનસહસ્રનામ' મંડળવિધાનપૂજા, પૂ ગુરુદેવશ્રીનાં ટેપ-પ્રવચન તથા સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચન આદિ અનેકવિધિ કાર્યક્રમ સહ **સોનગઢમાં** ઊજવવામાં આવશે. શ્રી ઘાટકોપર દિ. જૈન ભજનમંડળી તથા શ્રી વઢવાણશહેર દિ. જૈન ભજનમંડળી દ્વારા ભક્તિનો કાર્યક્રમ પણ રાખવામાં આવશે. વળી મંગળવાર તા ૧–૫–૮૪ ના દિને પૂ. ગુરુદેવશ્રીની પાવન જન્મભૂમિ **ઉમરાળાની યાત્રાનો** કાર્યક્રમ પણ યોજેલ છે. તદુપરાંત તા. ૨૮–૪–૮૪ થી તા. ૧૨–૫–૮૪ સુધી શિક્ષણશિબિરનું આયોજન કરેલ છે.

સર્વ મુમુક્ષુભાઈબહેનોના સર્વાંગ સહકારની સમિતિ અપેક્ષા રાખે છે. વિગતવાર કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂ. બહેનશ્રી ચંપાબેનની બાવનમી મંગળકારી સમ્યક્ત્વજયંતી–દિને આ મહોત્સવ ઊજવવા માટે તેઓશ્રીની આજ્ઞા અને આશીર્વાદની

પ્રાપ્તિ અર્થે તેમને વિનંતી કરવાનું નિરધાર્યું છે. સૌ મુમુક્ષુગણ અધિકતર સંખ્યામાં ઉપસ્થિત થઈ અમારા ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરવા વિનંતી છે.

આ તો અતિશયપૂર્ણ સુવર્ણધામ (સોનગઢ), 'ભગવાન આત્મા' નો ધ્વનિ ઉત્તરોત્તર ભવ્ય જીવોનાં હૃદયમાં અનંતગુણાત્મકપણાને પમાડી, તેમને સીધો સાદ કરી, બોલાવે છે : ભાઈ! બાપુ! મોટાં ઘરનાં કહેણ આવ્યાં છે, સાગમટે નોતરું છે. અમો તો સંતોના દાસાનુદાસ છીએ. સુવર્ણધામ—સોનગઢનો સાદ સૂણી, ભવ્ય જીવો અધિકતર સંખ્યામાં ઉપસ્થિત રહી, અમોને ઉપકૃત કરો એવી ભાવના છે.

સર્વ જીવો 'સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ' એ મહામંત્રને હૃદયમાં ધારણ કરી, અત્યંત વિનમ્રપણે મુમુક્ષુતાને સુરક્ષિત રાખી, ભવઅંતના પંથે પ્રયાણ આદરો અને શ્રી જિનશાસનને દિપાવો.

એ જ ભાવના સહ લિ૦

પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી ૯૫ મો જન્મજયંતી મહોત્સવ સમિતિ દાદર વતી

શ્રી દાદર દિ. જૈન મુમુક્ષુમંડળના ટ્રસ્ટીઓ, સભ્યો તથા
બૃહદ્ મુંબઈના મુમુક્ષુઓ
—ના જયસદ્‌ગુરુવંદન

— ० —

## સૂચના

પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૫મી જન્મજયંતીના શુભાવસરે તા. ૧-૫-૮૪, મંગળવારના દિને પૂજ્ય ગુરુદેવના પાવન જન્મધામની—ઉમરાળાની—આનંદદાયી યાત્રાનો પણ પ્રોગ્રામ રાખવામાં આવ્યો છે. બસની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. જે જે મુમુક્ષુ મહાનુભાવોને આ યાત્રાનો લાભ લેવાની ભાવના હોય તેમણે ૧૫ દિવસ પહેલાં પોતાની સભ્યસંખ્યા 'શ્રી દિ૦ જૈન સ્વાધ્યાય-મંદિર ટ્રસ્ટ, સોનગઢ—૩૬૪૨૫૦' ના કાર્યાલયને લેખિત જણાવી દેવા વિનંતી છે. બસની વ્યવસ્થા માટે યાત્રી-સભ્યસંખ્યા અગાઉથી જણાવી દેવી ખાસ જરૂરી છે.

નાઈરોબીનો—

# શુભેચ્છ-પ્રવાસ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ભૂતપૂર્વપ્રમુખ માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીની આજ્ઞાથી શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ (મુંબઈ) તથા શ્રી શશિકાન્ત મનસુખલાલ શેઠ (ભાવનગર) તા. ૨૬–૨–૮૪ના રોજ કેન્યા (આફ્રિકા) સ્થિત નાઈરોબી અને મોમ્બાસાના શુભેચ્છા પ્રવાસે ગયા હતા. તે બન્ને મુમુક્ષુ ભાઈઓ ત્યાં વીસ દિવસ રોકાયા હતા, શાસ્ત્રપ્રવચનો અને તત્ત્વચર્ચા દ્વારા ત્યાંના મુમુક્ષુમંડળનાં ભાઈ–બહેનો સાથે પરિચયમાં આવ્યા હતા. તે બન્ને ભાઈઓ ત્યાંના મંડળ વિષે ખૂબ સુંદર છાપ લઈને આવ્યા છે. ત્યાંના મુમુક્ષુઓ એવા સુંદર ભાવો વારંવાર વ્યક્ત કરતા હતા કે—"અમારા જીવનમાં કોઈનો ઉપકાર હોય તો તે માત્ર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો છે, અમારા હૃદયમાં ભક્તિ માત્ર પરમોપકારી ગુરુદેવ, ગુરુદેવના પરમ ભક્ત આત્મજ્ઞાની પૂજ્ય બહેનશ્રી ચંપાબેન અને તીર્થભૂમિ સોનગઢ પ્રત્યે જ છે; પૂજ્ય ગુરુદેવે નાઈરોબી–મોમ્બાસા પધારીને અમને વીતરાગનો સાચો માર્ગ બતાવ્યો છે; પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સ્વાનુભૂતિવિભૂષિત આધ્યાત્મિક પવિત્રતા સમજાવી છે અને સાધનાભૂમિ સોનગઢની અધ્યાત્મ તીર્થધામ તરીકે અનુપમ વિશેષતા બતાવી છે. ગુરુદેવની એ પવિત્ર તીર્થભૂમિ માટે અમે જેટલું ન્યોચ્છાવર કરીએ એટલું ઓછું છે."

શાસ્ત્રવાંચન અને તત્ત્વચર્ચામાં ત્યાંના સમગ્ર મુમુક્ષુ મંડળે સારો ભાગ લીધો હતો. મુમુક્ષુઓમાં સોનગઢ અને પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યેનો ભક્તિભાવ ખૂબ તરી આવતો હતો. વિદાયવેળાએ સોનગઢ તીર્થધામ અને પૂજ્યબહેનશ્રીને ભક્તિભાવપૂર્વક વંદન કહેવાની સાથે સમસ્ત મંડળે—મંડળના પ્રમુખ શ્રી જેઠાલાલભાઈ દેવરાજ શાહ, મંત્રી શ્રી ઝવેરચંદ પૂનમચંદ શાહ, શ્રી રાયચંદ દેવન શાહ, શ્રી અજિતભાઈ પરિવાર, હરિયા પરિવાર, મોમ્બાસાના શ્રી ભગવાનજીભાઈ કચરા શાહ, હરખચંદ માલદે પરિવાર વગેરે અનેક મુમુક્ષુઓએ—ખાસ કહેવડાવ્યું છે કે શ્રી રામજીભાઈ દોશી વગેરે સોનગઢના મુખ્ય ભાઈઓ પાસે અમારી આ નમ્ર ભાવના રજૂ કરશો: 'પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિ સોનગઢ અને મુમુક્ષુશિરોમણિ પૂજ્ય ભગવતીમાતાની સેવા–ભક્તિનો તન–મન–ધનથી પૂરો લાભ લેવા માટે અમારું મંડળ સદાય તત્પર રહેશે.'

કેન્યા જેવા દૂર દેશમાં વસતા મુમુક્ષુઓનાં હૃદયમાં પૂજ્ય ગુરુદેવ, પૂજ્ય ભગવતીમાતા તથા સોનગઢ પ્રત્યે અનન્ય ભક્તિ તથા તત્ત્વજ્ઞાન સમજવાની ઉત્સુકતા, યથાશક્તિ તત્ત્વાભ્યાસ, જિનમંદિરમાં પૂજા–ભક્તિનો ઉત્સાહ વગેરે જોઈને આ બન્ને

ભાઈઓને ખૂબ આશ્ચર્ય તેમજ આનંદ થયો; યથાવકાશ સોનગઢ આવીને લાભ લેવાનો તેમને અનુરોધ કર્યો.

નાઈરોબી-મંડળમાં નિયમિત ચાલતા નિત્યક્રમનો તથા વ્યવહાર મુમુક્ષુતાના અંગરૂપ પૂ. ગુરુદેવ તથા તીર્થધામ સોનગઢ પ્રત્યે તેમના ભક્તિભાવનો ખરેખરે અન્ય મુમુક્ષુમંડળોએ પણ દાખલો લેવા જેવો છે, —તેમનું અનુકરણ કરવા જેવું છે.

દૂર વસતા આવા ભક્તિવંત મુમુક્ષુઓની તાત્ત્વિક રુચિ પોષાય તથા તેમનું આત્માર્થીપણું દૃઢાય એ જ તેમના પ્રત્યે શુભેચ્છા.

—○—

## સોનગઢમાં વિદ્યાર્થીઓ માટે ઉનાળાનો

# ધાર્મિક શિક્ષણવર્ગ

પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ સોનગઢમાં, શ્રી દાદર મુંબઈના દિ૦ જૈન મુમુક્ષુમંડળના ટ્રસ્ટીઓ, સભ્યો તથા બૃહદ્ મુમુક્ષુઓ તરફથી ઊજવવામાં આવનાર ૯૫ મી 'ગુરુ-જન્મજયંતી' (તા. ૨૮-૪-૮૪ થી તા. ૨-૫-૮૪)ના શુભ અવસરે વિદ્યાર્થીઓ માટે ઉનાળાની રજાઓમાં તા. ૨૮-૪-૮૪, શનિવારથી તા. ૧૨-૫-૮૪, શનિવાર—પંદર દિવસ સુધી જૈનદર્શનનો 'ધાર્મિક શિક્ષણવર્ગ' ચલાવવામાં આવશે. વિદ્યાર્થીઓ માટે ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. શિક્ષણવર્ગની ઉત્તમ કક્ષામાં મોક્ષમાર્ગપ્રકાશક (સાતમો અધિકાર) તથા જૈન સિદ્ધાન્ત-પ્રશ્નોત્તરમાળા, મધ્યમ કક્ષામાં દ્રવ્યસંગ્રહ તથા જૈન સિદ્ધાન્ત-પ્રશ્નોત્તરમાળા અને જઘન્ય કક્ષામાં છ ઢાળા તથા લઘુ જૈન-સિદ્ધાન્તપ્રવેશિકા પર શિક્ષણ આપવામાં આવશે.

પોતાપોતાના ગામના મુમુક્ષુ-વિદ્યાર્થીઓને આ 'ધાર્મિક શિક્ષણવર્ગ'નો લાભ લેવાનું પ્રોત્સાહન આપવા દરેક મુમુક્ષુમંડળને વિનંતી છે.

સાક્ષાતોપકારી શ્રી કહાનગુરુદેવાય નમઃ

પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી ૯૫મો જન્મજયંતિમહોત્સવ સમિતિ

શ્રી મહાવીરસ્વામી દિ. જૈન મંદિર

૨૭૧/૨૯૩, એન. સી. કેલકર રોડ, દાદર, મુંબઈ ૪૦૦૦૨૮

તા. ૨૬-૩-૮૪

આત્માર્થી ધર્મપ્રેમી મુમુક્ષુ ભાઈઓ બહેનો

સહર્ષ જણાવવાનુ કે આપણા તારણહાર પૂજ્ય કૃપાળુ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૯૫મો જયન્મજયંતી મહોત્સવ સોનગઢમા ઊજવવાનું ઉપરોક્ત સમિતિએ જે નક્કી કર્યું છે તેની આમંત્રણ પત્રિકા લખવાનું શુભ મુહૂર્ત રવિવાર તા. ૮-૪-૮૪ ના રોજ સવારના ૧૦ કલાકે ઉપરોક્ત સ્થળે રાખેલ છે. તો આ શુભ પ્રસંગે આપ પધારી આભારી કરશોજી. આ પ્રસંગે આત્માર્થી વિદ્વાન પં. શ્રી હિંમતભાઈ ડગલીનું શાસ્ત્ર પ્રવચન રાખેલ છે; તો લાભ લેવા વિનંતી છે.

લી૦

સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી ૯૫ મો

જન્મજયંતી મહોત્સવ સમિતિ, દાદર

તા. કઃ- રવિવાર, તા. ૧-૪-૮૪ થી રવિવાર તા. ૮-૧-૮૪ સુધી શ્રી દાદર જિનમંદિરમાં આત્માર્થી વિદ્વાન પં. શ્રી હિંમતભાઈ ડગલીનાં પ્રવચન રાખેલ છે.

—૦—

અમરેલીઃ- શાંતિનાથ દિગંબર જિનમંદિરમાં ફાગણ સુદ ૫ થી ફાગણ સુદ ૧૫ સુધી ઋદ્ધિધારક મુનિવરોના પૂજનનું મંડલવિધાન ઘણા મુમુક્ષુઓના સાન્નિધ્યમાં આનંદ ઉલ્લાસ પૂર્વક ઉજવાયું હતું. પાંચમના ભગવાનની રથયાત્રા કાઢવામાં આવી હતી તથા અષ્ટાહ્નિકા મહોત્સવ નિમિત્તે ધાર્મિક પ્રવચનોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટથી ડૉ. પ્રવિણભાઈ દોશી, પંડિત લાલચંદભાઈ મોદી તથા શ્રી સુદીપ જૈનના પ્રવચનોનો લાભ મુમુક્ષુજનોએ અત્યંત આનંદ પૂર્વક લીધો હતો. આ આયોજન સ્વર્ગસ્થ સમરતબેન મુળજી ખારા તથા સ્વ. શ્રી મંગળજી મુળજી ખારાની સ્મૃતિ નિમિત્તે તેમના કુટુંબીજનો તરફથી પૂજ્ય શાંતાબેનના સાન્નિધ્યમાં કરવામાં આવેલ હતું.

આ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તે પ્રતિષ્ઠિત જિન પ્રતિમાઓના પૂજન ભક્તિ નિમિત્તે ૧૨ વર્ષ બાદ સુંદર ધાર્મિક ઉત્સવ થતાં અમરેલીના મુમુક્ષુઓનો ઉલ્લાસમાં ખૂબ જ વૃદ્ધિ થઈ હતી, તેમ જ ધર્મપ્રભાવનાનું ઉત્તમ નિમિત્ત મળ્યુ હતું.

–શશીકાંત ખારા

પ્રમુખ, મુમુક્ષુ મંડળ, અમરેલી તા. ૨૦-૩-૮૪

[ સુવર્ણપુરી સમાચાર....ટાઈટલ પેજ ૩ થી ચાલુ ]

* ફાલ્ગુની નંદીશ્વર અષ્ટાહ્નિકામાં "શ્રી તેરહ દ્વીપ મંડળ વિધાન પૂજા" શ્રી જયાબેન દિનકરરાય મહેતા તરફથી રાખવામાં આવી હતી. આ દિવસોમાં શ્રી પરમાગમમંદિરની વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ ( ફાગણ સુદ ૧૩ )ના ઉપલક્ષમાં ત્રણ દિવસ માટે પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન, કેટલાંક બ્રહ્મચારિણી બહેનો તથા શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી તરફથી બધા શાસ્ત્રોનું મૂલ્ય ૫૦% ઘટાડવામાં આવ્યું હતું.

* સમ્યક્ત્વજયંતીના શુભ અવસરે તા. ૨૫–૩–૮૪નાં દિવસે "ગુરુદેવશ્રીનાં વચનામૃત" શ્રી નંદીશ્વર-જિનાલયની દિવાલોમાં લગાડવામાં આવનાર આરસના ધવલ શિલાપટમાં ઉત્કીર્ણ કરવાની શુભારંભ મંગળ વિધિ પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં પવિત્ર કરકમળોથી થઈ હતી.

પૂજ્ય બહેનશ્રીનાં શુભ કરકમળે આ મંગળવિધિ સંપન્ન થઈ તેના હર્ષોપલક્ષમાં ઉપસ્થિત મુમુક્ષુઓએ "ગુરુદેવશ્રીનાં વચનામૃત"નાં શિલાપટ ખાતે રૂા. ૨૧૦૦ જાહેર કરેલ હતા.

* સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની '૫૨' મી સમ્યક્ત્વજયંતી અત્યાનન્દોલ્લાસ સહ ઉજવાઈ હતી. બહારગામથી લગભગ ૭૦૦ મહેમાન આવ્યા હતાં. સમાગત વિદ્વાનોમાં–વિદ્વાન ભાઈશ્રી હિમ્મતલાલ વાલજી ડગલી, ડૉ. પ્રવીણભાઈ દોશી ( રાજકોટ ) અને શ્રી પ્રાણલાલભાઈ કામદાર ( દાદર )નાં રોચક શાસ્ત્રપ્રવચન થયાં હતાં.

"ચોસઠ ઋષિ મંડળ વિધાન પૂજા" શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી, શ્રી ચન્દ્રાબેન મનુભાઈ કામદાર, શિહોર અને શ્રી છબલબેન તંબોળીના તરફથી રાખવામાં આવી હતી. સમ્યક્ત્વ જયંતીના દિને સવારે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ગાથા ૩૨૦ ઉપરના સુંદર ટેપ પ્રવચન પછી સમ્યક્ત્વ જયંતીના હર્ષોપલક્ષમાં '૫૨'ના અંકમાં મુમુક્ષુઓ તરફથી રકમો જાહેર કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રી હિમ્મતભાઈ ડગલી અને શ્રી પ્રાણભાઈ કામદારે પૂજ્ય બહેનશ્રી પ્રતિ અતિ ઉપકૃત ભાવથી પોતાનાં 'ભક્તિ-સુમન' સમર્પિત કર્યાં. સાથેસાથે શ્રી પ્રાણભાઈ કામદારે "શ્રી કહાનગુરુ–જન્મજયંતી મહોત્સવ સમિતિ" દાદર ( મુંબઈ ) તરફથી સોનગઢમાં ઉજવવામાં આવનાર ૯૫ મી જન્મજયંતી સંબંધી એક પરિપત્ર વાંચી સંભળાવતાં, આપણી મુમુક્ષુતાના જન્મધામમાં, પરમ પૂજ્ય ગુરુદેવની તપોભૂમિ સોનગઢમાં જ "ગુરુ જન્મજયંતી" મનાવવી જોઈએ, તે માટે યુક્તિયુક્ત ભાવવાહી સ્પષ્ટીકરણ કર્યું અને આખાયે મુમુક્ષુ જગતને "ગુરુ જન્મજયંતી"ના અવસરે ( તા. ૨૮–૪–૮૪ થી તા. ૨ ૫–૮૪ ) સોનગઢ પધારવાનું અતિ આગ્રહપૂર્ણ નિમંત્રણ આપ્યું હતું. બપોરના દાદર અને બૃહદ્ મુંબઈના મુમુક્ષુ પૂજ્ય બહેનશ્રીની સમક્ષ સોનગઢમાં પોતાના તરફથી ગુરુ-જન્મ-જયંતી ઉજવવા માટે અનુજ્ઞા અને તદર્થ આશીર્વાદ લેવા માટે

આવ્યા હતાં. પ્રત્યુત્તરમાં પૂજ્ય બહેનશ્રીએ આપણા તારણહાર પૂજ્ય ગુરુદેવ અને તેમના અનુપમ ઉપકારોની અદ્‌ભુત મહિમા બતાવી હતી. રાત્રે "બહેનશ્રીનાં વચનામૃત" પર પૂજ્ય ગુરુદેવના ટેપ-પ્રવચન પછી શ્રી ગોગીદેવી બ્ર. આશ્રમમાં મહિલાઓ માટે બ્રહ્મચારિણી આદિ બહેનોનો 'સમ્યક્‌ત્વજયંતી' સંબંધિત વિશેષ ભક્તિકાર્યક્રમ હતો. આ રીતે આ મંગલ મહોત્સવનું "સમ્યક્‌ત્વભક્તિ"ના રૂપમાં સાનંદ સમાપન થયું હતું.

* ચૈત્ર સુદ ૧૦ તા. ૧૧-૪-૮૪ ના દિને સુવર્ણપુરીના ગગનસ્પર્શી ભવ્ય માનસ્તંભની ૩૨મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ છે, તથા ચૈત્ર સુદ ૧૩ તા. ૧૩-૪-૮૪ના દિને કુમાર બ્રહ્મચારી ભગવાનશ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણકનો વાર્ષિક દિન તથા ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના "પરિવર્તન"ની ૫૦મી જયંતીનો મંગલ દિવસ છે. આ મંગળમય અવસર પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૫ મી જન્મજયંતી (વૈશાખ સુદ ૨) પ્રસંગે ગ્રીષ્મકાલીન ધાર્મિક શિક્ષણવર્ગ સોનગઢમાં ચાલશે. ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. તેનું વિશદ વિવરણ આ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે.

* પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાનો લાભ મળવાની ખુશાલીમાં રૂા. ૫૨૦૫ શ્રી સોનાબેન ડુંગરશી (કચ્છી) તથા તેમના પરિવાર તરફથી શ્રી નંદીશ્વર-જિનાલય આદિ વિવિધ ખાતાઓમાં જાહેર કરવામાં આવ્યા છે.

* સમ્યક્‌ત્વમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની '૫૨'મી સમ્યક્‌ત્વ-જયંતી (તા. ૨૬-૩-૮૪) ના દિને આવેલા મહેમાનો તથા સ્થાનીક મુમુક્ષુમંડળના (સવાર·।) અને સાંજના મહેમાનોના ભોજન ખર્ચ માટે—

રૂા. ૧૦,૦૦૦ એક મુમુક્ષુ મહાનુભાવ (મુંબઈ) તરફથી જાહેર કરવામાં આવેલ હતા.

* યાત્રિકોનું શુભાગમન થયા જ કરે છે. શત્રુંજય સિદ્ધક્ષેત્રના સમીપવર્તી આ સુવર્ણપુરી ભવ્ય જિનાયતનોના દર્શન કરીને પરમ પૂજ્ય ગુરુદેવમા અધ્યાત્મરસ ભરપૂર સુંદર ટેપ-પ્રવચન તથા પૂજ્ય બહેનશ્રીના ગુરુભક્તિભીના તાત્ત્વિક સંબંધો સાંભળીને તથા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની આ સાધનાભૂમિનું પવિત્ર, શાન્ત, ધાર્મિક અને ભક્તિ ભર્યું વાતાવરણ દેખીને યાત્રીગણ પ્રસન્ન થાય છે અને પુનઃ પુનઃ આવવાની ભાવના લઈને જાય છે.

અહો! જયવંત વર્તો પૂજ્ય ગુરુદેવનો મંગલમય પ્રભાવના ઉદય!

## પૂજ્ય બાપુજીની અન્તર્ભાવનાના સંબંધમાં—

માનનીય મહોદય, 'આત્મધર્મ'ના ફેબ્રુઆરીના અંકમાં પ્રકાશિત સમ્માનીય પૂ. બાપુજીની અન્તર્ભાવનાથી અમારા જેવાને—પૂ. ગુરુદેવશ્રીની પ્રત્યેક વાતમાં અતૂટ શ્રદ્ધા રાખવાવાળાને-મનોવાંછિત નિધિ મળી ગઈ છે. આ ધ્રુવફંડના સંચયથી તત્ત્વપ્રચાર-પ્રસારનું કાર્ય ખૂબ તીવ્ર ગતિથી ચાલશે તેમાં કોઈ સંદેહ નથી. આપણા બધા મુમુક્ષુઓના મહાભાગ્યથી અત્યારે પણ પરમ પૂ. ગુરુદેવશ્રીના પુણ્ય અને પવિત્રતાનો યુગ ચાલી રહ્યો છે. આપણે આપણી પવિત્ર ભાવના રાખીને પૂજ્યશ્રીએ બતાવેલા માર્ગ ઉપર—ભલે તે તત્ત્વસંબંધી હોય કે ધર્માત્મા પ્રતિ—પૂર્ણ શ્રદ્ધાથી કાર્ય કરશું. આપણી ભાવના અવશ્યમેવ સફળ જ થશે.

આ શુભ અવસર પર હું મારા ટ્રસ્ટ તરફથી એક લાખ રૂપિયા આપવાની સ્વીકૃતિ આપું છું અને ભાવના ભાવું છું કે શીઘ્રાતિશીઘ્ર પૂ. બાપુજીની મનોભાવના સફળ થાય.

સોનગઢ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર તપોભૂમિ છે. આખાયે મુમુક્ષુસમાજનું કેન્દ્ર છે. કેન્દ્રની મજબૂતી માટે બધા સાધર્મી તન-મન-ધન સમર્પણ કરે અને પૂ. બાપુજીનો સંકલ્પ અલ્પ સમયમાં પૂર્ણ થાય એ જ ભાવના.

લી. પદમચન્દ જૈન સર્રાફ

(આગરા, તા. ૧૧-૩-૮૪)

—o—

## વૈરાગ્ય સમાચાર :—

* સરદારશહરનિવાસી શ્રી દીપચંદજી શેઠીયાના બનેવી શ્રી મહાલચંદજી બરડિયા (વર્ષ-૮૨) તા. ૨૭-૨-૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૪૦ વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લેવા સોનગઢ આવતા હતા.

* ખાતેગાંવ નિવાસી શ્રી નાથૂરામજી પાટની (વર્ષ-૭૭) તા. ૨-૨-૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટ નિવાસી (હાલ સીકંદરાબાદ) શ્રી કિશોરકુમાર ખુશાલચંદ કામદાર (વર્ષ-૪૨) હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* નાઈરોબીનિવાસી જશોદાબેન હરખચંદભાઈ નથુ (વર્ષ-૫૭) તા. ૩૧-૭-૮૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સદ્‌ગત આત્માઓ વીતરાગધર્મનું શરણ પામી શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના—

—o—

# સુવર્ણપુરી ( સોનગઢ ) સમાચાર

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પુનિત સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સોનગઢમાં નિત્યક્રમ યથાવત્ સુંદર રીતે ચાલી રહ્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચનમાં સવારે શ્રી પ્રવચનસાર શાસ્ત્રનો જ્ઞેય-અધિકાર અને સાંજના શ્રી અષ્ટપાહુડ શાસ્ત્ર ચાલી રહ્યાં છે. બપોરની શાસ્ત્ર-સભામાં શ્રી પ્રવચનસાર શાસ્ત્રનો ચરણાનુયોગ સૂચક ચૂલિકા-અધિકાર ચાલી રહ્યો છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું શારીરિક સ્વાસ્થ્ય કાંઈક ઠીક છે. આવેલા મહેમાનો તથા મુમુક્ષુ સમાજને તેમના પાવનકારી દર્શન અને તેમની ગુરુભક્તિભીની સ્વાનુભૂતિરસરોચક મધુર વાણીનો અનુપમ લાભ વારંવાર મળતો રહે છે. દર્શન-પૂજા માટે તેઓશ્રી મંદિર પધારે છે ત્યારે આખોયે મુમુક્ષુસમાજ ભક્તિભાવથી એકત્રિત થઈ જાય છે, તેમના દ્વારા કરાવવામાં આવતી જિનેન્દ્રભક્તિની પ્રશાન્તરસપ્લાવિત મધુર પંક્તિઓ સાંભળી ઉપસ્થિત બધા લોકો આનન્દોલ્લાસ સહ ભક્તિરસમાં નિમગ્ન થઈ જાય છે, આખું વાતાવરણ એક ઉત્સવ જેવું બની જાય છે.

* શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિરનો વાર્ષિક અઠ્ઠાઈ મહોત્સવ મંડળવિધાન-પૂજા તથા જિનેંદ્રભક્તિ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક અતિ આનંદસહ ઉજવાયો. ફાગણ સુદ બીજ-પ્રતિષ્ઠાના દિને સીમંધર ભગવાનનો ભવ્ય રથોત્સવ ઉજવાયો હતો. લગભગ દરરોજ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પાસે પ્રતિષ્ઠામહોત્સવના પવિત્ર સંસ્મરણ-ગુરુદેવનાં સાધનાપરિણત હૃદયમાં જિનેંદ્રદેવના શુભાગમનનો અત્યાનંદ, મંદિરમાં પ્રતિષ્ઠા માટે શ્રી સીમંધરસ્વામીના પ્રવેશ વખતે ગુરુદેવના આનંદાશ્રુ સહ સાષ્ટાંગ પ્રણમન તથા તેમને નિરખવાવાળા ઉપસ્થિત સમસ્ત ભક્તોના હૃદય ભક્તિરસથી ભીંજાઈ જવા આદિ શુભ પ્રસંગ તથા "પધારો, ભગવાન! પધારો! તથા અહો, જ્ઞાયકદેવ અને દેવ-શાસ્ત્ર-ગુરુ આપ અમારી સાથે સદાયે રહેજો, અંદરમાં જ્ઞાયકદેવ અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ વિના અમને નહીં ચાલે-ઈત્યાદિ અધ્યાત્મરસ અને જિનેંદ્રભક્તિભીના આનંદદાયી ઉદ્દગાર સાંભળી બધાને એવો અનુભવ થતો હતો કે મહોત્સવમાં જો કાંઈ જીવન છે તો તે બધો શ્રેય સ્વાનુભવપરિણત જ્ઞાનીને છે. પ્રશમ-મૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં દેવ-ગુરુ ભક્તિરસથી પ્લાવિત મંગળ સાન્નિધ્યમાં ઉજવાયેલો આ મહોત્સવ ખરેખર મુમુક્ષુઓને "સોનગઢમાં આત્મસાધના માટે બધું જ છે" એવો સંદેશ આપતો અતિ આનંદકારી હતો. આ ઉત્સવમાં લાભ લેવા માટે અનેક ગામોથી મુમુક્ષુ ભાઈ-બહેનો આવ્યાં હતાં.

[ વધુ માટે જુઓ પેજ નં. ૩૨ ]

## ✻ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ✻

✻ પથ્થરના પર્વતોમાં પાણી નથી છતાં પણ નદીઓ તેમાંથી વહે છે અને સમુદ્રમાં પાણી પુષ્કળ છે છતાં તેમાંથી નદી વહેતી નથી. તેમ હે જિનેન્દ્ર! આપની પાસે જગતનું કાંઈ નથી. છતાં સુખામૃતના મોટા ધોધ આપમાંથી જ નીકળે છે. જ્ઞાનીનું એક વાક્ય પણ ન્યાલ કરી દે છે અને અજ્ઞાનીના ધોધમાર ઉપદેશથી પણ લાભ થતો નથી.

✻ ક્યાંય વિરોધ જેવું હોય ત્યાં જવું જ ન જોઈએ અને કદાચ જવાનું થઈ જાય તો મૌન રહેવું જોઈએ. આ અંતરનો માર્ગ તો એવો છે કે સહન કરી લેવું જોઈએ. વિરોધમાં પડવું નહિ, પોતાનો ગોળ પોતે ચોરીથી અર્થાત્ છુપી રીતે ખાઈ લેવો જોઈએ, ફેરફેરા કરવા જેવો કાળ નથી. પોતાનું સંભાળી લેવા જેવું છે. વાદવિવાદમાં ઉતરવા જેવું નથી.

(સપ્ટેમ્બર ૧૯૭૬)

✻ અનુભવની શોભા ખરેખર આત્મદ્રવ્યને લઈને છે. આત્મદ્રવ્ય કૂટસ્થ હોવાથી જોકે અનુભવમાં આવતું નથી, અનુભવ તો પર્યાયનો જ થાય છે, પરંતુ એ પર્યાયની શોભા તો આત્મદ્રવ્યને જ લઈને છે. જેમ પ્રાતિહાર્ય તો ઈન્દ્રે ધારણ કર્યું છે, છતાં પ્રાતિહાર્ય ભગવાનની શોભા ગણાય છે, કેમ કે ઈન્દ્રની શોભા પણ ભગવાનના લઈને જ છે...

✻ જીવની અનંતી પેઢીના બાપદાદાઓમાંથી અનેક મોક્ષ ગયા છે, કોઈ તો તીર્થંકર થઈને પણ ગયા છે, એના સામું જો ને!

Licence No. 3
'Licensed to post without prepayment'

To,

If not delivered please return to,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364250

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ  તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ, સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364250
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364 250